સુવિચાર

કળા એટલે પ્રત્યેક ચીજને એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ખોખડદળ ગામે ૨૯ લાખની ચોરીની ફરિયાદમાં પંચનામા વખતે મકાનમાંથી રૂ.૨૭.૮૦ લાખના દાગીના મળી આવ્યા P-4


Year-16, Issue-223 ■ DATE : 02-01-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# દેશની કોર્ટમાં અધધ... ૫.૪૧ કરોડ કેસ ચુકાદાની પ્રતિક્ષામાં

## ન્યાયતંત્ર સામે સૌથી મોટો પડકારઃ તારીખ પે તારીખ...: પેન્ડિંગ કેસોના નિકાલ માટે ન્યાયધીશોની ભરતી સાથે ઈવનીંગ કોર્ટ શરૂ કરવી જરૂરીઃ સુપ્રિમ કોર્ટમાં ૯૧.૮૯ હજાર કેસ પેન્ડિંગ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ન્યાયતંત્ર સામે સૌથી મોટો પડકાર અબજો રૂપિયાના પેન્ડિંગ કેસોને ઘટાડવાનો છે. દેશભરની નીચલી અદાલતો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટ હાલમાં નોંધપાત્ર પેન્ડન્સીનો સામનો કરી રહી છે. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડના ડેટા અનુસાર, નીચલી અદાલતો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં કુલ ૫૪.૧ મિલિયન કેસ પેન્ડિંગ છે. દેશભરની નીચલી અદાલતોમાં ૪૭.૬ મિલિયન કેસ પેન્ડિંગ છે. આમાંથી ૩૬.૫ મિલિયન ફોજદારી બાબતો છે, અને બાકીના સિવિલ બાબતો છે.

ઉત્તર પ્રદેશમાં નીચલી અદાલતોમાં કુલ ૧૧.૩ મિલિયન કેસ પેન્ડિંગ છે. દરમિયાન, દિલ્હીમાં નીચલી અદાલતોમાં ૧૫.૮૫ લાખ કેસ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટના ડેટા અનુસાર, હાલમાં ૯૧,૮૯૨ કેસ પેન્ડિંગ છે. રાજ્યની હાઈકોર્ટોમાં ૬૩.૬૭ લાખ કેસ પેન્ડિંગ છે. આ પેન્ડન્સીમાંથી, ૧૯.૦૧ લાખ કેસ ફોજદારી છે, જ્યારે ૪૪.૬૫ લાખ કેસ સિવિલ બાબતોના છે.

કેસ પેન્ડન્સી અંગે ચિંતા, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે નવેમ્બરમાં શપથ લેતા પહેલા જણાવ્યું હતું કે તેમની પ્રાથમિકતા પેન્ડન્સીને નિયંત્રિત કરવાની રહેશે. તેમણે કહ્યું, અમે પહેલા તેને કેવી રીતે ઘટાડવું તે જોઈશું અને આ પ્રાપ્ત કરવા માટે, ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવશે. ગયા વર્ષે ૧૧ જુલાઈના રોજ, કાયદા મંત્રાલયે વિવિધ કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગોને માર્ગદર્શિકા જારી કરી હતી જેથી સરકાર પક્ષકાર હોય તેવા કેસોનો ઝડપી નિકાલ સુનિતિ કરી શકાય. કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક કાર્યાલય મેમોરેન્ડમમાં જણાવાયું છે કે આ બિનજરૂરી મુકદ્દમાને રોકવામાં અને આંતર-વિભાગીય સંકલનને સુધારવામાં મદદ કરશે.

પેન્ડિંગ કેસ વિશે હકીકતોઃ સુપ્રીમ કોર્ટમાં ૯૧.૮૯ હજાર કેસ પેન્ડિંગ છે. હાઈકોર્ટમાં ૬૩.૬૭ લાખ કેસ પેન્ડિંગ છે. નીચલી અદાલતોમાં ૪.૭૬ કરોડ કેસ પેન્ડિંગ છે. દિલ્હી હાઈકોર્ટમાં ૧૫.૮૫ લાખ કેસ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટમાં ૧ ખાલી જગ્યા. હાઈકોર્ટમાં ૨૯૭ ખાલી જગ્યાઓ. નીચલી અદાલતોમાં ૪૮૫૫ ખાલી જગ્યાઓ.

નિષ્ણાતો કહે છે - પેન્ડન્સી એક બંધારણીય કટોકટી છેઃ નિવળત્ત જિલ્લા ન્યાયાધીશ અને કાનૂની નિષ્ણાત કામિની લાઉ દલીલ કરે છે કે ભારતમાં ન્યાયિક કેસોનો બેકલોગ હવે માત્ર આંકડાકીય સમસ્યા નથી, પરંતુ તે એક બંધારણીય કટોકટી બની ગઈ છે જે ન્યાયની અર્થપૂર્ણ પહોંચને અસર કરે છે. આ સંદર્ભમાં, સપ્રીમ કોર્ટની ઝોનલ બેન્ચની સ્થાપના પર વિચાર કરી શકાય છે. સુપ્રીમ કોર્ટની કલ્પના મુખ્યત્વે બંધારણીય અદાલત અને અંતિમ અર્થઘટનની અદાલત તરીકે કરવામાં આવી હતી.

જો કે, સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ કેસોનો મોટો ભાગ ખાસ રજા અરજીઓ છે, જે સેવા બાબતો, જમીન વિવાદો અને સામાન્ય નાગરિક અને ફોજદારી અપીલો સાથે સંબંધિત છે, જેનો નિકાલ હાઈકોર્ટ સ્તરે થવો જોઈએ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પમિમાં ચાર કાયમી ઝોનલ બેન્ચની સ્થાપના, નવી દિલ્હીમાં કાયમી ધોરણે રહેતી બંધારણીય બેન્ચ સાથે, ન્યાયની પહોંચનું વિકેન્દ્રીકરણ કરશે, જેનાથી અરજદારો દ્વારા સામનો કરવામાં આવતા ભૌગોલિક અને આર્થિક અવરોધોમાં નોંધપાત્ર ઘટાડો થશે.

દેશભરની અદાલતોમાં કરોડો રૂપિયાના પડતર કેસોને ઘટાડવા માટે, ન્યાયાધીશો માટેની ખાલી જગ્યાઓ ભરવા જોઈએ અને ઈવિંગ કોર્ટને બઢતી આપવી જોઈએ. સંક્ષિપ્ત ટ્રાયલ હાથ ધરવા જોઈએ અને સમયબદ્ધ ટ્રાયલ સુનિતિ કરવી જોઈએ.










## શેરબજારમાં રોકાણના નામે છેતરપીંડી કેસમાં EDની મોટી કાર્યવાહી

### ૧૧૦ કિલો ચાંદી, ૩૯ કિલો દાગીના અને ૧.૨૯ કિલો સોનુ તેમજ ૪૮ લાખની રોકડ મળી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડી કેસમાં ઈડીએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ખેરાલુ પોલીસે નોંધેલી ફરિયાદના આધારે તપાસ કરતા EDએ રૂપિયા ૨.૪ કરોડની કિંમતનો ૧૧૦ કિલો રૂપિયા ૧.૭ કરોડનો ૧.૨૯૬ કિલો સોનું,૩૯ કિલો ચાંદીના દાગીના, ૧૦ લાખની વિદેશી કરન્સી સહિત ૩૮ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી છે.

ખેરાલુ પોલીસે નોંધેલી ફરિયાદના આધારે તપાસ કરતા કરોડોની મિલકતો મળી આવી હતી. શેરબજારમાં મોટા નફાના વચનો આપીને સામાન્ય રોકાણકારોને કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગ સામે EDએ મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદ ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ હેઠળ કાર્યવાહી કરતા, નોંધપાત્ર પ્રમાણમાં સોનું, ચાંદી, રોકડ અને વિદેશી ચલણ જપ્ત કર્યું.

આ કેસમાં, EDએ ૧૧૦ કિલો ચાંદીના બિસ્કિટ (લગભગ રૂ. ૨.૪ કરોડની કિંમત), લગભગ ૧.૨૯૬ કિલો સોનું (લગભગ રૂ. ૧.૭ કરોડની કિંમત), લગભગ ૩૯.૭ કિલો ચાંદીના દાગીના, ૩૮.૮ લાખ રૂપિયા રોકડા અને ઓછામાં ઓછા રૂ. ૧૦.૬ લાખની વિદેશી ચલણ જપ્ત કરી છે.

વધુમાં, અનેક કિંમતી મિલકતો સંબંધિત દસ્તાવેજો પણ મળી આવ્યા છે. આરોપી હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને તેના સાથીઓએ શેરબજારમાં રોકાણ કરીને નોંધપાત્ર નફો અપાવવાનું વચન આપીને લોકો પાસેથી પૈસા પડાવ્યા હતા. જોકે, ન તો કોઈ કંપનીના શેરમાં પૈસા રોકાયા હતા, ન તો રોકાણકારોને તેમના પૈસા પાછા મળ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું કે, આ પૈસાનો ઉપયોગ વ્યક્તિગત ખર્ચ અને મિલકત ખરીદી માટે કરવામાં આવ્યો હતો. જેમ જેમ ED ની તપાસ આગળ વધતી ગઈ, તેમ તેમ જાણવા મળ્યું કે દેશભરના વિવિધ રાજ્યોમાં ગેંગ વિરુદ્ધ ઓછામાં ઓછી છ વધુ FIR દાખલ કરવામાં આવી હતી, અને છેતરપિંડીની કુલ રકમ આશરે રૂ.૧૦.૮૭ કરોડ સુધી પહોંચી ગઈ હતી. તપાસમાં એ પણ બહાર આવ્યું કે હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર સમગ્ર યોજના પાછળનો મુખ્ય સૂત્રધાર હતો.

તેમણે મહેસાણા, વિસનગર અને વડનગરમાં ઘણી ઓફિસો ખોલી હતી. અહીંથી કર્મચારીઓ સતત લોકોને ફોન કરીને શેરબજારમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા, તેમને ઊંચા વળતરનું વચન આપતા હતા.

EDએ એ પણ શોધી કાઢ્યું હતું કે, હિમાંશુ ભાવસારે ત્રણ કંપનીઓ - વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રા., દલાલ સ્ટોક્સ એડવાઇઝરી પ્રા. લિ. અને દેવકી સ્ટોક્સ પ્રા. લિ. - ને તેમના નામે જારી કરાયેલા SEBI ઈન્વેસ્ટમેન્ટ એડવાઇઝર સર્ટિફિકેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. આ કંપનીઓ પાસે રોકાણ સલાહ આપવા માટે કોઈ માન્ય SEBI નોંધણી નહોતી.

## ૧૫૦૦ કરોડની જમીન બિનખેતી કરાવવાના કૌભાંડમાં સુરેન્દ્રનગરના તત્કાલીન કલેકટરની ધરપકડ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

૧૫૦૦ કરોડના જમીન NA (બિનખેતી)કરાવવાના કૌભાંડ મામલે EDએ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓનાં નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. ત્યાર બાદ બપોરે આ કેસમાં એસીબી સુરેન્દ્રનગરમાં ઈડીના અધિકારીએ સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયૂર ગોહિલ અને કલેક્ટરના અંગત મદદનીશ જયરાજસિંહ ઝાલા સામે લાંચ-રુશ્વત વિરોધી ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો. ત્યાર બાદ તેની ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

આ મામલે સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર એવા રાજેન્દ્ર પટેલની ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી છે. ઈડીની ત્રણ ટીમો ગાંધીનગર સ્થિત તેમના નિવાસ્થાને પહોંચી હતી. જ્યાં પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે.

૨૩ ડિસેમ્બરે દિલ્હી ખાતે આવેલી EDની સ્પેશિયલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીના રહેણાક પરિસરમાં ની કલમ ૧૭ હેઠળ હાથ ધરવામાં આવેલી સર્ચ કાર્યવાહી દરમિયાન ૬૭.૫૦ લાખની રોકડ રકમ રિકવર કરી જપ્ત કરવામાં આવી હતી. આ રોકડ રકમ તેમના બેડરૂમમાં છુપાવેલી મળી આવી હતી. આરોપી ચંદ્રસિંહ મોરીએ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ની કલમ ૧૭ હેઠળ નોંધાયેલા તેમના નિવેદનમાં સ્વીકાર્યું છે કે જપ્ત કરાયેલી રોકડ રકમ જમીનના હેતુફેરની અરજીઓના ઝડપી અથવા સાનુકૂળ નિકાલ માટે સીધી રીતે અથવા વચેટિયાઓ દ્વારા અરજદારો પાસેથી માગેલી અને એકઠી કરેલી લાંચની રકમ છે.

## હવે FASTags માટે KYV ફરજીયાત નહીંઃ નેશનલ હાઈવે ઓથોરીટીનો નિર્ણય




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી નવી કાર, જીપ અને વાન માટે FASTags જારી કરવા માટેની ફરજિયાત કેવાયવી (તમારા વાહનને જાણો) પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે. આનો ઉદ્દેશ્ય જાહેર સુવિધા વધારવાનો અને FASTags સક્રિય કર્યા પછી હાઈવે વપરાશકર્તાઓને થતી મુશ્કેલીઓ દૂર કરવાનો છે. NHAI એ જણાવ્યું હતું કે આ ફેરફાર લાખો રોડ યુઝર્સને રાહત આપશે.

અગાઉ, FASTags સક્રિય થયા પછી વાહન ઓળખ પ્રક્રિયા રોડ યુઝર્સને અસુવિધા અને વિલંબનું કારણ બનતી હતી, ભલે તેમની પાસે બધા માન્ય વાહન દસ્તાવેજો હોય. KYV પ્રક્રિયા હવે પહેલાથી જારી કરાયેલ કાર FASTags માટે નિયમિત રીતે જરૂરી રહેશે નહીં. NHAI એ જણાવ્યું હતું કે KYV ફક્ત એવા કિસ્સાઓમાં જ જરૂરી રહેશે જ્યાં FASTags ના ખોટા ઈશ્યુ અથવા દુરુપયોગની ફરિયાદો હોય.

જો કોઈ ફરિયાદ પ્રાપ્ત ન થાય, તો પહેલાથી જારી કરાયેલ કાર FASTags માટે KYV ની જરૂર રહેશે નહીં. NHAI એ જણાવ્યું હતું કે તેણે FASTags સક્રિય કરતા પહેલા બેંકો દ્વારા ચકાસણી પ્રક્રિયાને પણ મજબૂત બનાવી છે અને હવે FASTags સક્રિયકરણ માટે વાહન ડેટા પર આધારિત ચકાસણીને કાયદેસર રીતે ફરજિયાત બનાવી છે.

## દેશમાં ૫૦ ટકાથી વધુ પરિવારો લોન-ધીરાણ પર નભે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશ હવે પશ્ચિમી દેશોની જેમ ક્રેડીટ કાર્ડ- ઈકોનોમી તરફ જઈ રહ્યો હોય તેવા સંકેત છે. માર્ચ ૨૦૨૧ના આંકડા મુજબ દેશમાં પરિવારો પરના લોન-ધિરાણનો રેશિયો જીડીપીના ૪૧.૩% જેવા સ્તરે પહોંચી ગયો છે અને છેલ્લા પાંચ વર્ષના ૩૮.૩% કરતા વધુ અને ખાસ કરીને છેલ્લા ૩ વર્ષથી તે સતત વધી રહ્યો છે.

વાસ્તવમાં ધિરાણનો એક સિદ્ધાંત છે તેનો પ્રોડકટીવ એટલે કે વળતર આપે તેવો ઉપયોગ, વ્યાપાર-ઉદ્યોગમાં તો તે પુરેપુરી લાગુ પડે છે પણ કૌટુંબિક દેવું એ સંપતિના સર્જન માટે હાલ એટલે કે આવાસ-ખરીદી કે તેવી મિલ્કત ખરીદી માટે હોય તો તે વધુ યોગ્ય ગણાય છે પણ ભારતીય પરિવારોમાં જે કર્જનો ટ્રેન્ડ છે તે થોડો ચિંતાજનક છે.

દેશના ૫૫% પરિવારો એટલા માટે લોન-ધિરાણ મેળવે છે જે તેના રોજબરોજની આવશ્યકતાને પુરી કરી શકાય. આમ પરિવારને જે ખર્ચ અનિવાર્ય છે તેના માટે ધિરાણ મેળવવું પડે છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના નાણાકીય સ્થિરતા (ફાયનાન્સીયલ-એબીલીટી) રિપોર્ટમાં જણાવાયું છે.

જો કે હજું એ મોટું આશ્વાસન છે કે આ કર્જ વિશ્વના અન્ય ઉભરતા (ઈમર્જીંગ) અર્થતંત્રના પ્રમાણમાં ઓછું છે તો બીજી તરફ કોંગ્રેસ કાળના એક ખરાબ સમયને બાદ કરો તો ભારતીય પરિવારોની બચત પણ વધવા લાગી છે પણ ભારતીય પરિવારોની ઉધારી અથવા લોન કે ધિરાણ એ ગૈર આવાસીય ક્ષેત્રમાં ખર્ચ માટે વધુ છે.

જેમાં ક્રેડીટ કાર્ડ અને ઓટો લોનની ભૂમિકા મોટી છે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના આંકડા જુઓ તો પરિવારની કુલ ઉધારીમાં ૫૫.૩% હિસ્સો તો પર્સનલ લોન, ક્રેડીટ કાર્ડ દેવું અને ઓટો લોનનો સમાવેશ થાય છે.

૨૦૨૦માં આ ટકાવારી ૪૩% હતી અને આ પ્રકારનું દેવું વધતા તેણે હોમલોન-કૃષી કે બિઝનેસ લોનને પાછળ છોડી દીધી છે. આમ ઘરેલું કે વ્યક્તિગત જેવા ખર્ચમાં ધિરાણ લેવું પડે તે સ્થિતિ વધી છે.

જે બાદ સંપતિ- (આવાસ કે તેવી મિલ્કતો) અને ઉત્પાદકીય કારણોથી થતા ધિરાણનો આવે છે. કુલ ધિરાણમાં હોમલોન ધિરાણ ૨૮.૬% અને બીઝનેસ લોન ૧૬.૧% છે. જો કે ભારતીયોની કમાણી વધી છે તેથી તે ‘જોખમ’ લે છે. કારણ એ છે કે પરિવારોની ‘બચત’ પણ વધી છે.

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પરિવારોની ૨૦૨૫ના નાણાકીય વર્ષના ચોથા કવાટરમાં બચત દર જીડીપીના ૮૦.૬% થયા છે તથા ૨૦૨૨-૨૩ જે કોરોનાકાળ પછીનો સમય હતો તેમાં આ બચત દર જીડીપીમાં ૪.૯% નોંધાયો હતો.

## રાજકોટ વાઈબ્રન્ટ સમિટમાં નવી એરોસ્પેસ - ડિફેન્સ પોલીસી જાહેર થશે

રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ-ગુજરાત-રીજયોનલ કોન્ફરન્સ ફકત સૌરાષ્ટ્ર જ નહી પુરા ગુજરાતના વિકાસમાં એક મહત્વનો ફાળો આપશે અને તેનાથી ૨૦૪૭ના વિકસીત ભારતના જે લક્ષ્યાંક છે. તેમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ પુરવાર થશે. રાજકોટ વાઈબ્રન્ટ સમીટમાં રાજયની નવી એરોસ્પેસ તથા ડિફેન્સ પોલીસીની પણ જાહેરાત થનાર છે. અગાઉ ૨૦૧૬માં આ પોલીસી પ્રથમ વખત રચાઈ હતી જે તા.૩૧ ડિસે. ૨૦૨૫ના પુરી થઈ છે પણ રાજય સરકારે હવે નવી પોલીસી જે આજના અને ભવિષ્યના આયોજન અને પડકારોને અનુરૂપ છે તે સંદર્ભમાં બનાવાશે અને તેની રાજકોટ સમીટમાં એક સંકલીત એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પોલીસી જાહેર થશે. આ નવી પોલીસીમાં એરોસ્પેસ તથા ડિફેન્સ ક્ષેત્ર માટે મહત્વની પુરવાર થશે. જેમાં નાણાકીય પ્રોત્સાહનો સબસીડી, ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા મારફત ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત કંપનીઓ તથા સાહસિકોને આકર્ષશે અને તેના લાભ સમગ્ર ઉદ્યોગને માટે મહત્વપૂર્ણ પુરવાર થશે અને તેમાં મહત્વપૂર્ણ ગુજરાતના એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રને જોડાશે જેથી એરોસ્પેસ તથા ડિફેન્સ ઉત્પાદનમાં તેની ભાગીદારી વધશે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં માવઠા બાદ ટાઢોડુઃ રાજકોટમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં માવઠા બાદ ફરી ઉત્તર પૂર્વના બર્ફીલા પવનો ફુંકાવાનું શરુ થયું છે. સાથોસાથ સવારનું તાપમાન પણ ગગડ્યું છે આથી આજે સવારથી ફરી ઠેરઠેર તીવ્ર ઠંડી અનુભવાઇ હતી. આજે સૌથી વધુ ઠંડી ફરી એકવાર ૧૦.૮ ડીગ્રી સાથે નલીયામાં નોંધાઇ હતી.

જ્યારે ચાર જગ્યાએ ૧૩ ડીગ્રી આસપાસ તાપમાન નોંધાયું હતું. આજે સવારે અમરેલીમાં ૧૩.૨, ભુજમાં ૧૩, ડિસામાં ૧૩.૩ તથા ગાંધીનગર ખાતે ૧૩.૫ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું તથા રાજકોટ શહેરમાં પણ બર્ફીલા પવનો વચ્ચે ૧૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

ઉપરાંત આજે સવારે અમદાવાદમાં ૧૫.૩, વડોદરામાં ૧૬.૮, ભાવનગરમાં ૧૭, દમણમાં ૧૮.૬, દિવમાં ૧૮, દ્વારકામાં ૧૭.૭, કંડલામાં ૧૫.૫, ઓખામાં ૧૯.૩, પોરબંદરમાં ૧૫.૮ તેમજ વેરાવળ ખાતે ૧૮.૧ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગર શહેર અને જિલ્લામાં કમોસમી માવઠા પછી વાદળો વિખેરતા ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. મહત્તમ તાપમાનનો પારો દોઢ ડિગ્રી નીચે સરકીને ૨૬.૫ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૯ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ગતિમાં ૧.૪ કિમીના વધારા સાથે પ્રતિ કલાક ૫.૮ કિમી નોંધાઇ છે.

શહેરમાં ઠંડીનું જોર હોય જેથી લોકોએ ફરી ગરમ વો અને તાપણાનો સહારો લીધો હતો. જ્યારે આજે સવારે જૂનાગઢ કૃષિ યુનિ.માં નોંધાયેલા તાપમાન મુજબ મેકસીમમ પારો ૧૫.૪ ડીગ્રીએ ઉંચે પહોંચ્યો હતો. જ્યારે મીનીમમ ૧૪.૧ ડીગ્રીએ નોંધાયો હતો. ગિરનાર પર્વત ઉપર ૭.૧ ડીગ્રી સાથે પવનની ગતિ પ્રતિકલાક ૪.૪ કીમીની રહેતા ઠંડો હીલ જેવો પવનથી પ્રવાસીઓ ઠુંઠવાયા હતા.

રોડ રસ્તા પણ ભારે ઠંડા પવનના કારણે સમી સાંજમાં ખુલ્લા વાહનોની સંખ્યા ઘટી જવા પામી હતી. વાતાવરણમાં ભેજ ૮૨ પર નોંધાયો છે. જાન્યુઆરી નવા વર્ષની શરુઆત છતાં ઠંડી આ વર્ષે હજુ પડી નથી. ખેડૂતો ચિંતામાં મુકાય જવા પામ્યા છે.

## દિલ્હી બાદ ગુજરાતમાં પણ હવાના પ્રદુષણમાં વધારોઃ રાજયમાં શ્વાસના ઈમરજન્સી કેસો વધીને ૧.૨૯ લાખ થયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ધૂળ, ધુમાડો અને હવામાં રહેલા ઝેરી રજકણોને કારણે ફેફસાંના ઈન્ફેક્શન અને શ્વાસ લેવાની તકલીફના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫માં શ્વાસની તકલીફના કુલ ૧,૨૯,૩૫૨ ઈમરજન્સી કેસ નોંધાયા છે, જે ગત વર્ષ ૨૦૨૪ના ૧.૨૪ લાખ કેસની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે.



આંકડાકીય વિશ્લેષણ મુજબ, ગુજરાતમાં દરરોજ સરેરાશ ૩૫૫ જેટલી શ્વાસની ઈમરજન્સી નોંધાય છે. રાજ્યના મેટ્રો સિટી અમદાવાદમાં પ્રદૂષણનું સ્તર સૌથી વધુ હોવાથી અહીં સૌથી વધુ ૩૧,૧૬૨ કેસ નોંધાયા છે.

તબીબોના જણાવ્યા અનુસાર, કોરોનાકાળ પછી ફેફસાંની કાર્યક્ષમતામાં ઘટાડો થયો છે અને (ક્રોનિક ઓબસ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ) ના કેસોમાં ૩૦ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે.

અગાઉ શ્વાસની બીમારીઓ વૃદ્ધોમાં વધુ જોવા મળતી હતી, પરંતુ હવે ૪૦ થી ૫૦ વર્ષની વયના લોકો અને ધૂમ્રપાન ન કરનારા યુવાનો પણ આ બીમારીનો ભોગ બની રહ્યા છે. પ્રદૂષણને કારણે દર્દીઓમાં નીચે મુજબના લક્ષણો જોવા મળે છે...

# જામનગર, અમરેલી અને મોરબી જીલ્લામા ચોરીને અંજામ આપતી આંતર રાજ્ય ગેંગના ૩ શખ્સો ઝડપાયા






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,અમરેલી અને મોરબી જીલ્લામા ચોરીને અંજામ આપતી આંતર રાજ્ય ગેંગના ૩ શખ્સો ઝડપાયા.જામનગર,અમરેલી અને મોરબી જીલ્લામા લૂંટ.ઘરફોડ ચોરીઓને અંજામ આપતી ગેંગનો જામનગર એલસીબીએ પર્દાફાશ કર્યો છે અને ગેંગના આંતર રાજય ગેંગના ત્રણ સાગરીતોને ઝડપી લઈને રૂ.૩.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જામનગરની ઘરફોડ અને લૂંટ તેમજ મોરબી અને અમરેલી જિલ્લાના પાંચ ગુનાઓનો ભેદ ઉકેલી નાંખ્યો છે.જામનગર રણજીતસાગર રોડ,જે જે.જશોદા સોસાયટી.માં પ્રફુલભાઈ લખમણભાઈ ભાડજાના રહેણાંક મકાનમા બે અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરીને માતા જબુબેન ભાડજાને શરીરે ઈજા કરી, સોનાના દાગીના કિ.રૂ ૫૦ હજારની લૂંટ ચલાવી હતી. તેમજ અન્ય સાહેદો મળીને કુલ ૯ જેટલા મકાનોમાં મોટર સાયકલો, રોકડ, ડાયમંડ ઝવેલરી, સાડીઓ સહિતના મુદામાલની ચોરી થઈ હતી. જે અંગેની પોલીસે તપાસ હાથ ધરી હતી.જેમાં એલસીબીના દિલીપભાઇ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, મયુરસિંહ પરમાર, યુવરાજસિંહ ઝાલાને બાતમી મળી હતી કે, ધાડપાડુ ગેંગના અમુક સાગરીતો જામનગર જીલ્લા તથા અન્ય જીલ્લામા રાત્રી દરમ્યાન રહેણાક મકાનને ટારગેટ કરી લૂંટ ચોરીને અંજામ આપના ઈસમો લાલપુર ચોકડી થી ઠેબા ચોકડી તરફ મોરકંડા પાટીયા પાસે લૂંટ ચોરીના દાગીના મુદામાલ સગેવગે કરવાની પેરવી કરી રહેલ છે.જે બાતમીના આધારે પીઆઈ વી.એમ.લગારીયાની સુચનાથી ટીમે દરોડો પાડીને મધ્યપ્રદેશના બીલામ ઉર્ફે રામસીંગ ઉર્ફે જુવાનસિંગ દરીયાસીંગ ગણાવા, લીલેશ ઉર્ફે નિલેશ કેલસીંગ આમલીયાર, માનું ઉર્ફે નાનકો કુંવરસિંગ નજરૂ મેડાને ઝડપી લીધા હતા. તેના કબજામાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રૂ.૨૦ હજાર, ૨ મોબાઈલ તેમજ ડીસમીસ, લોખંડનો ગણેશીયો, કટર, લોખંડ પાનુ સહિત રૂ.૩,૮૫,૨૦૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો. તેની પુછપરછ કરતા સાલમભાઇ પરમસીંગ ઉર્ફે પારૂભાઇ ગણાવાનું નામ ખુલતા પોલીસે તેને ફરાર જાહેર કર્યો છે. તેની પુછપરછ કરતા જામનગર, અમરેલી અને મોરબીની ઘરફોડ અને લૂંટના પાંચ ગુનાઓની કબુલાત કરી છે.સૌરાષ્ટ્રમાં ચોરી કરતી ગેંગની મોડસ ઓપરેડી.આરોપીઓ ઘરફોડચોરી કરવા માટે દિવસના જે તે સોસાયટીમા બંધ મકાન હોવાની ખાત્રી કરી, તેજ રાત્રીના મકાનને ટારગેટ કરી, કટર મશીન, લોખંડના સળીયા, પકડ ગણેશીયાથી મકાનના દરવાજા ના નકુચા તથા તાળા તોડી લૂંટ ઘરફોડ ચોરીને અંજામ આપતા હતા.

# બોગસ ટ્રેડિંગ કંપનીના નામે ૧.૮૭ કરોડની છેતરપીંડી મામલે પુનાથી આરોપી ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સાયબર ક્રાઇમ પોલીસને મોટી સફળતા મળી છે. ખોટી ટ્રેડિંગ કંપની મારફતે ઈન્વેસ્ટમેન્ટ કરાવવાના બહાને રૂ. ૧.૮૭ કરોડની છેતરપિંડી પ્રકરણમાં સંડોવાયેલા ગેંગના સભ્યને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટાફે દબોચી લીધો છે.હાલના સંજોગોમાં ઓનલાઈન આર્થિક ઠગાઈને લગત સાયબર ક્રાઈમના બનાવો વધી રહ્યા છે. તેવામાં આરોપીઓએ ફરીયાદીના વોટ્સએપ પરથી કોન્ટેક્ટ કરી, ટ્રેડીંગ એડવાઈઝ તરીકેની ખોટી ઓળખ આપી હતી.

આરોપીઓએ પોતાની કંપની મારફતે અલગ-અલગ સ્કિમમાં ઈન્વેસ્ટમેન્ટ કરી ટ્રેડીંગ પર મોટુ પ્રોફીટ મેળવવાની ફરીયાદીને લાલચ આપી હતી. બાદમાં ફરીયાદીને વિશ્વાસમાં લઈ ઈન્વેસ્ટમેન્ટના બહાના હેઠળ રૂપિયા. ૧,૮૭,૪૪,૪૦૭ ટ્રેડીંગ ફર્મના એકાઉન્ટમાં ટ્રાન્ફર કરાવી લીધા હતા. બાદમાં પોતાના વેબસાઈટ પર ખોટુ પ્રોફીટ બતાવી, રકમ પરત આપી ન હતી. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.જેની પોલીસે તપાસ કરી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ કારુભાઈ વસરા એ ટેકનિકલ એનાલિસીસ કરી તેમજ પીએસઆઈ એચ.કે.જાલા તથા ભગીરથસિંહ જાડેજા, તેમજ હ્યુમન સોર્સિસથી માહિતી એકત્રિત કરી મહારાષ્ટ્રના પુણે ખાતેથી એઝાજ સલીમભાઇ શેખ ઉ.વ.૩૭.ને પકડી પાડ્યો હતો. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત ગેસના ભાવમાં ઘટાડો, છતાં મોરબી સિરામિક ઉદ્યોગ હજુ સંકટમાં




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત ગેસ દ્વારા રૂ. ૪.૫૦ પ્રતિ યુનિટ ભાવ ઘટાડો કરવામાં આવતા મોરબીના સિરામિક ઉદ્યોગને આંશિક રાહત મળી છે અને સિરામિક એસોસિએશને સરકારનો આભાર માન્યો છે. જોકે, ઉદ્યોગની હાલની નાજુક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા એસોસિએશનનું માનવું છે કે હજુ પણ અંદાજે રૂ. ૨.૫૦નો વધુ ભાવ ઘટાડો જરૂરી છે, જેથી ગુજરાત ગેસ અને પ્રોપેન વચ્ચેનો ભાવફરક દૂર થઈ શકે.

એક સમયે ગુજરાત ગેસનો દૈનિક વપરાશ આશરે ૭૫ લાખ ક્યુબિક મીટર હતો, પરંતુ સતત ભાવવધારાના કારણે આ વપરાશ ઘટીને હાલમાં માત્ર ૧૬ લાખ ક્યુબિક મીટર સુધી પહોંચી ગયો છે. આ પરિસ્થિતિમાં મોરબીના સિરામિક ઉદ્યોગ માટે ગુજરાત ગેસ દ્વારા રૂ.૪.૫૦ પ્રતિ યુનિટ ભાવ ઘટાડો અમલમાં મુકાયો છે, જેને સિરામિક એસોસિએશને આવકાર્યો છે અને રાજ્ય સરકારનો આભાર માન્યો છે. સિરામિક એસોસિએશનના આગેવાનોના જણાવ્યા મુજબ, આ ભાવ ઘટાડાથી ઉદ્યોગોને થોડી રાહત જરૂર મળી છે, પરંતુ વર્તમાન કપરી પરિસ્થિતિને ધ્યાનમાં લેતા હજુ પણ અંદાજે રૂ.૨.૫૦નો વધુ ઘટાડો અનિવાર્ય છે. હાલમાં ગુજરાત ગેસ અને પ્રોપેન વચ્ચે ભાવફરક હોવાના કારણે ઘણા ઉદ્યોગો પ્રોપેન તરફ વળ્યા છે. જો આ ભાવફરક ઘટશે તો ઉદ્યોગો ફરી ગુજરાત ગેસનો ઉપયોગ શરૂ કરશે, જેના કારણે ગેસ વપરાશમાં પણ વધારો થવાની સંભાવના છે.

હાલ મોરબી સિરામિક ઉદ્યોગની સ્થિતિ ગંભીર બની છે. મળતી માહિતી મુજબ નાના ૨૦૦થી ૨૫૦ જેટલા એકમો બંધ થઈ ગયા છે, જ્યારે મોટા ઉદ્યોગોને પણ કરેલા રોકાણ મુજબ પૂરતું વળતર મળતું નથી. ઉદ્યોગકારો આર્થિક દબાણનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે સિરામિક એસોસિએશન દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી સરકાર સમક્ષ પોતાની માંગો રજૂ કરવામાં આવી હતી. એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ પટેલ અને હરેશભાઈ બોપલીયાએ જણાવ્યું હતું કે સરકાર સાથે સતત ચર્ચા ચાલી રહી છે અને આગામી દિવસોમાં વધુ ભાવ ઘટાડાની શક્યતા છે. ઉદ્યોગને જીવંત રાખવા માટે સરકાર તરફથી વધુ સહકાર આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# મોરબીમાં અજંતા કંપનીના જુના કર્મચારીઓને ગ્રેજ્યુટી મળશેની અફવાથી અફરાતફરી, મેનેજમેન્ટે કર્યો ઇનકાર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં અજંતા કંપનીના જુના કર્મચારીઓને ગ્રેજ્યુટીના રૂપિયા મળશે અને તેના માટે ફોર્મ ભરવાનું રહેશે તેવી અફવા ફેલાતાં આજે ભારે ગેરસમજ સર્જાઈ હતી. સોશિયલ મીડિયામાં વકીલ દ્વારા ફોર્મ ભરવામાં આવશે એવો મેસેજ વાયરલ થતાં મોટી સંખ્યામાં લોકો ત્રિકોણ બાગ સ્થિત વકીલની ઓફિસ અને અજંતાની ફેક્ટરીએ ઉમટી પડ્યા હતા. બાદમાં અજંતા કંપનીના મેનેજરે આ વાતને સંપૂર્ણપણે અફવા ગણાવી સ્પષ્ટતા કરી હતી.

મોરબી શહેરમાં અજંતા કંપનીના જુના કર્મચારીઓને ગ્રેજ્યુટીના રૂપિયા મળશે તેવી ચર્ચાએ ભારે અફરાતફરી સર્જી હતી. એવી વાત ફેલાઈ હતી કે જુના કર્મચારીઓએ ફોર્મ ભરશે તો તેમને ગ્રેજ્યુટીના પૈસા મળશે અને આ ફોર્મ ત્રિકોણ બાગ ખાતે આવેલી એક વકીલની ઓફિસમાં ભરવામાં આવશે. આ બાબતનો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મોટી સંખ્યામાં જુના કર્મચારીઓ ફોર્મ ભરવા માટે દોડી આવ્યા હતા. પરિણામે ત્રિકોણ બાગ ખાતે આવેલી વકીલની ઓફિસ બહાર તેમજ અજંતા કંપનીની ફેક્ટરી ખાતે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. જોકે, વકીલની ઓફિસ બંધ જોવા મળી હતી. બીજી તરફ ફેક્ટરી બહાર વધતી ભીડને પગલે અજંતા કંપનીના મેનેજમેન્ટને પરિસ્થિતિ સંભાળવા માટે પોલીસને બોલાવવી પડી હતી.

આ સમગ્ર મામલે અજંતા કંપનીના મેનેજર ચંદ્રેશ દેસાઈએ સ્પષ્ટ જણાવ્યું હતું કે ગ્રેજ્યુટી અંગે ફોર્મ ભરવાની વાત સંપૂર્ણપણે અફવા છે. કંપની તરફથી હાલમાં કોઈપણ પ્રકારની ગ્રેજ્યુટી માટે ફોર્મ ભરાવવાની કાર્યવાહી ચાલી રહી નથી. અફવા ફેલાતા કંપનીના ગેટ પર પણ નોટિસ લગાવી સ્પષ્ટતા કરવામાં આવી છે. મેનેજમેન્ટે વધુમાં જણાવ્યું હતું કે ભ્રામક માહિ-તી ફેલાવનાર સામે કાયદેસર શું પગલાં લેવા તે અંગે વિચારણા ચાલી રહી છે. અફવાના કારણે પોતાના રોજિંદા કામ છોડીને આવેલા અનેક લોકો આખરે નિરાશ થઈ પરત ફર્યા હતા.

# ભાણવડ પંથકમાં ડ્રોનથી દારૂની ભઠ્ઠી પકડાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને અનુલક્ષીને દેશી- વિદેશી દારૂ સામે કડક સાથે કાર્યવાહી કરવામાં આવી હતી.જેમાં દેવભૂમિ દ્વારકા ખંભાળિયાના ડીવાયએસપી વી.પી. માનસેતાની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ ભાણવડના પી આઈ. સી.એલ. દેસાઈ, બી.એમ. દેવમુરારી વિગેરે દ્વારા રાત્રિના સમયે ભાણવડ વિસ્તારમાં આવેલા બરડા ડુંગર ખાતે મેગા કોમ્બિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડ્રોનની મદદથી કરવામાં આવેલા કોમ્બિંગમાં બરડા ડુંગર ખાતે ચાલતી ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ધ્યાને આવી હતી.આ પ્રકરણમાં એક સ્થળેથી બાબર ગલા મોરી નામના શખ્સ દ્વારા ચાલતી દારૂ ગાળવાની ભઠ્ઠીમાંથી પોલીસે ૨૨૦૦ લીટર આથો મળી કુલ રૂ. ૬૫,૦૦૦ નો મુદ્દામાલ જ્યારે અન્ય એક ભઠ્ઠી કે જે જીવણ ગલા મોરી દ્વારા ચાલતી હોય, અહીંથી પોલીસે દારૂ બનાવવાનો આથો, દેશી દારૂ સહિત કુલ રૂ. ૬૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આમ, ડ્રોન કેમેરાની મદદથી ઝડપાયેલી આ બંને ભઠ્ઠીઓ માંથી પોલીસે કુલ રૂ. ૧,૩૨,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે બંને બુટલેગર બંધુઓ પોલીસને હાથ લાગ્યા ન હતા.

# મોરબી મહાપાલિકાએ એક વર્ષ પૂર્ણ કરતા કર્મચારીઓ માટે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ એક વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણીરૂપે MMC@1 અંતર્ગત શનાળા રોડ ખાતે કર્મચારીઓ માટે સ્નેહમિલન કાર્યક્રમ યોજ્યો હતો. કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓ અને શાખાઓને સન્માનિત કરવામાં આવ્યા તેમજ અંતે ભવ્ય આતશબાજી યોજાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાએ પોતાની સ્થાપનાના એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. આ અવસરે MMC@1ના ભાગરૂપે શનાળા રોડ ખાતે મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ, જનસેવા અને નાગરિક કલ્યાણ સેવાઓમાં યોગદાન આપનાર કર્મચારીઓ માટે વિશેષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫ દરમિયાન વિકાસકાર્યો, નાગરિક સુવિધાઓના વિસ્તરણ, સ્વચ્છતા, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને જનભાગીદારીના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે. આ સિદ્ધિઓને બિરદાવવા તથા કર્મચારીઓના ઉત્સાહમાં વધારો કરવા આ કાર્યક્રમ યોજાયો હતો. સ્નેહમિલન કાર્યક્રમની શરૂઆત મનપાના કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા, નાયબ કમિશનર સંજયકુમાર સોની, CFO, સીટી એન્જિનિયર સહિતના અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

શરૂઆતમાં કર્મચારીઓ માટે મ્યુઝિકલ ચેર અને ટીમ બિલ્ડિંગ જેવી રમતો યોજાઈ હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ઉત્સાહભર્યું બન્યું હતું. ત્યારબાદ વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. BLS તરીકે સેવા આપનાર ડો. નિધિ સુરાણી, ડો. મોનિકા પટેલ, ડો. મહેન્દ્ર ફેફર તેમજ MMC@1 અંતર્ગત યોજાયેલી ટાઈપિંગ સ્પર્ધાના વિજેતાઓ કર્તવ્યભાઈ ભટ્ટ, ધરતીબેન ચીખલીયા અને ગૌરવકુમાર સોલંકીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ કામગીરી બદલ ટેક્સ શાખા, વહીવટી વિભાગની મહેકમ શાખા અને રમતગમત શાખાને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ઉપરાંત બેસ્ટ શાખા અધ્યક્ષ અને બેસ્ટ એમ્પ્લોય ઓફ ઈ-સરકાર તરીકે હિતેન્દ્ર આદ્રોજા, ગૌરવકુમાર સોલંકી અને કેવલ કલોલાને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ANCT શાખાના કર્મચારીઓ દ્વારા જનજાગૃતિ અંગે નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથે વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થતા કર્મચારીઓને તેમની ગ્રેજ્યુટી, પી.એફ. અને અન્ય લાભોના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મનપાના કમિશનર સ્વપિનલ ખરે એ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષ દરમિયાન મહાનગરપાલિકાના કર્મચારીઓએ દિવસ-રાત સતત મહેનત કરીને પોતાની ફરજ સફળતાપૂર્વક નિભાવી છે. રાત્રિ સ્વચ્છતા અભિયાન, ઈલેક્ટ્રિક, ડ્રેનેજ, ફાયર સહિતની ટીમો સતત ખડે પગે રહી શહેરની સેવા કરી રહી છે, જેમાં કર્મચારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

કાર્યક્રમના અંતિમ ચરણમાં MMC@1 ઉજવણીના ભાગરૂપે તમામ સુરક્ષા વ્યવસ્થા સાથે શહેરીજનોના આનંદ અને ઉત્સાહમાં વધારો કરવા ભવ્ય અને નયનરમ્ય આતશબાજી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મહાનગરપાલિકાના કર્મચારીઓ અને નગરજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સાથે આ સમગ્ર કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, મહાનગરપાલિકાના કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા, નાયબ કમિશનર સંજયકુમાર સોની, ચીફ ફાયર ઓફિસર, સીટી એન્જિનિયર સહિતના રાજકીય આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં મુખ્યમંત્રી ભવિષ્ય કૌશલ વિકાસ યોજના અંતર્ગત ૩૧ ડિસેમ્બરની અનોખી રીતે ઉજવણી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ખાતે મુખ્યમંત્રી ભવિષ્ય કૌશલ વિકાસ યોજના અંતર્ગત ૩૧ ડિસેમ્બરની ઉજવણી સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા પાત્રો, જ્ઞાન અને ગમ્મતભર્યા આયોજનમાં ૩૦થી ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મોરબી શહેરમાં મુખ્યમંત્રી ભવિષ્ય કૌશલ વિકાસ યોજના અંતર્ગત ૩૧ ડિસેમ્બરની ઉજવણી અનોખી અને ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને સાંસ્કૃતિક ગીતથી કરવામાં આવી હતી, આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક પાત્રો રજૂ કરવામાં આવ્યા હતા. રાણી લક્ષ્મીબાઈ, રાણી પદ્માવતી, કાશી, અર્જુન, ભગવાન પરશુરામ તેમજ ગૃહિણી જેવા પાત્રો ભજવીને વિદ્યાર્થીઓએ જ્ઞાન સાથે ગમ્મતભર્યું પ્રસ્તુતિકરણ કર્યું હતું, કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે જયશ્રીબેન વાઘેલા, આરતીબેન રત્નાણી અને હેતલબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સેન્ટર સ્ટાફ પૂનમબેન, ચાંદનીબેન, ભવ્યભાઈ અને ભગિરથભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજે ૩૦ થી ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન સેન્ટર મેનેજર કપિલભાઈ રાઠોડ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ તકે વિશેષ માહિતી આપવામાં આવી હતી કે, હાલમાં સરકાર માન્ય સર્ટિફિકેટ સાથે વિનામૂલ્યે નર્સિંગની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ઉપરાંત નજીકના ભવિષ્યમાં નવા અને વિવિધ કોર્સિસ શરૂ થવાના હોવાથી ઇચ્છુક ઉમેદવારોને ઘનશ્યામ માર્કેટ ત્રીજો માળ વી-માર્ટ પાસે રવાપર રોડ મોરબી ખાતે વહેલી તકે સેન્ટરની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી જલારામ ધામ ખાતે ૪ જાન્યુઆરીએ વિનામૂલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શ્રી જલારામ ધામ ખાતે સ્વ. વાલજીભાઈ વશરામભાઈ ચગ તથા સ્વ. દયાબેન વાલજીભાઈ ચગ પરિવારના સહયોગથી તા. ૪-૧-૨૦૨૬ના રોજ વિનામૂલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે. અત્યાર સુધી યોજાયેલા ૫૧ કેમ્પમાં ૧૪,૪૦૩ દર્દીઓએ લાભ લીધો છે અને ૬,૫૪૩ વિનામૂલ્યે સફળ નેત્રમણી ઓપરેશન થયા છે.

મોરબી શહેરના અયોધ્યાપુરી રોડ પર સ્થિત શ્રી જલારામ ધામ ખાતે સમગ્ર ગુજરાતની નંબર ૧ આંખની હોસ્પિટલ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ, શ્રી જલારામ ધામ-મોરબી તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબીના સંયુક્ત ઉપક્રમે દર મહિના ની ૪ તારીખે સર્વજ્ઞાતિય વિનામૂલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ જ અનુસંધાને આગામી તા. ૪ જાન્યુઆરી ૨૦૨૬ રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સ્વ. વાલજીભાઈ વશરામભાઈ ચગ તથા સ્વ. દયાબેન વાલજીભાઈ ચગ પરિવારના સહયોગથી વિશેષ નેત્ર તપાસ અને ઓપરેશન કેમ્પ યોજાશે. કેમ્પ દરમિયાન શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલના અનુભવી તબીબો ડો. બળવંતભાઈ, ડો. સુદામા, હેમુભાઈ પરમાર અને નિલેશભાઈ રાઠોડ દ્વારા આંખના દર્દીઓની તપાસ કરવામાં આવશે.

કેમ્પમાં અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરના શ્રેષ્ઠ ગુણવત્તાના સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે. ઓપરેશન માટે પસંદ થયેલા દર્દીઓ માટે રાજકોટ જવા-આવવાની વ્યવસ્થા, રહેવા-જમવાની સુવિધા, ચા-નાસ્તો, ચશ્મા, દવાઓ તથા આંખના ટીપાં સહિતની તમામ વ્યવસ્થા સંસ્થા દ્વારા સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવશે. કેમ્પનો લાભ લેવા માટે અગાઉથી કોઈપણ પ્રકારનું બુકિંગ જરૂરી નથી, પરંતુ તપાસ માટે આવતા દર્દીઓએ આધાર કાર્ડ સાથે રાખવું અનિવાર્ય રહેશે. વધુ માહિતી માટે ગીરીશભાઈ ઘેલાણી (૯૮૨૫૦૮૨૪૬૮), હરીશભાઈ રાજા (૯૮૭૯૨૧૮૪૧૫), નિર્મિતભાઈ કક્કડ (૯૯૯૮૮૮૦૫૮૮) તથા અનિલભાઈ સોમૈયા (૮૫૧૧૦૬૦૦૬૬)નો સંપર્ક કરવા સંસ્થાએ અપીલ કરી છે.

# મોરબી બાકી ભાડાની ઉઘરાણી મુદ્દે ફેક્ટરીમાં આતંક મચાવનાર થાર ચાલકના આગોતરા જામીન મંજુર

## ફેક્ટરી ગેટ ઉપર ગાડી ભટકાવી જાનથી મારી નાખવાના પ્રયાસનો કેસ, સેશન્સ કોર્ટનો મહત્વપૂર્ણ નિર્ણય



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બાકી ભાડાના રૂપિયા લેવા મામલે ફેક્ટરીમાં ઘુસી થાર ગાડી વડે તોડફોડ કરી અને કર્મચારીઓને જાનથી મારી નાખવાની કોશિશના આરોપી અમરાભાઈ રબારીના મોરબી સેશન્સ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા છે. આરોપી તરફથી એડવોકેટ જીતેન્દ્રસિંહ આર. જાડેજાએ મજબૂત દલીલો રજૂ કરી હતી.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નોંધાયેલ કેસની ટુક વિગત મુજબ, ફરિયાદી લેકસસ ગ્રેનીટો પ્રાઈવેટ લિમિટેડમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા નોંધાવવામાં આવી હતી. જેમાં આરોપી અમરાભાઈ મનજીભાઈ રબારી પોતાની હવાલાવાળી મહેન્દ્રા થાર ગાડી લઈને ફેક્ટરીના ગેટ ઉપર પહોંચ્યો હતો અને ફરિયાદીને ગાળો આપી કહેલું કે "તમારા શેઠ અનિલભાઈને બોલાવો, મારે તેમની પાસેથી ભાડાના રૂપિયા લેવા છે." બાદમાં આરોપીએ ફેક્ટરીના પાર્કિંગ વિસ્તારમાં પોતાની થાર ગાડી ઘુસાડી શેઠ અનિલભાઈની ઇનોવા કાર સાથે બે વખત જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે ઇનોવા કારમાં આશરે રૂ. ૪ લાખ જેટલું નુકસાન થયું હતું. આ ઉપરાંત આરોપીએ ગેટ તરફ ગાડી લઈ જઈ ત્યાં હાજર સુપરવાઇઝરને જાનથી મારી નાખવાના ઇરાદે ગાડી ભટકાવી હતી અને બાદમાં સ્થળ પરથી નાસી ગયો હતો. આ ઘટનાને પગલે પોલીસ દ્વારા આઈપીસી કલમ ૩૦૭ તથા નવા કાયદા બીએનએસ કલમ ૧૦૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં આરોપી અમરાભાઈ રબારીએ મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. આરોપી તરફથી વકીલ તરીકે એડવોકેટ જીતેન્દ્રસિંહ આર. જાડેજા રોકાયા હતા. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા તેમ છતાં, બચાવ પક્ષના વકીલ જીતેન્દ્રસિંહ(જીતુભા)એ નામદાર સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓનો હવાલો આપી મજબૂત અને ધારદાર દલીલો રજૂ કરી હતી. ત્યારે તમામ બાબતોનું અવલોકન કર્યા બાદ મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આ કામના આરોપી અમરાભાઈ રબારીના આગોતરા જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો છે.

# ધોરાજીમાં આગામી સોમવારે મેમન સમુહ શાદીનું આયોજન

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજી- મેમન સમાજ માં શાદી (નિકાહ) ને લગતા કુરિવાજો નાબુદ થાય, નિકાહ માં આમ પરિવાર સરળ, સાદાઇ અને સન્માન થી જોડાઇ તેવા નેક અને ઉમદા હેતુ સાથે ધોરાજી માં બીજી વાર 'મેમન સમુહ શાદી' નો આયોજન તા.૫-૧ સોમવાર સવારે અત્રે ના શાહજી હોલ માં રાખવામાં આવેલ છે.

આ સમુહ શાદી નું આયોજન સંકલન સમિતી- ધોરાજી ધ્વારા બીજી વાર કરવામાં આવી રહેલ છે. સંકલન સમિતી ના હાજી અમીન સર ગોડીલ (ટ્રસ્ટી એમ.એમ.સ્કુલ-ધોરાજી) ત્થા હાજી અફરોઝ હાજી હારુન લકડકુટા, અને હાજી ઈમ્તિયાઝ હાજી ઈબ્રાહીમ પોઠીયાવાલા (પ્રમુખપોઠીયાવાલા મેમન જમાત-ધોરાજી), હાજી બાશીત અ.શકુર પાનવાલા, આસીફબાપુ હાજી ઈકબાલબાપુ કાદરી, યાસીન ઈકબાલભાઇ નુરાની ઉપરોકત સમુહ લગ્ન ના આયોજન ની ભવ્ય તૈયારી મા જોડાઇ રહયા છે. તા.૫-૧ના સવાર ના ૧૧-૩૦ કલાકે સમૂહ શાદી શાહજી હોલ, જેતપુર રોડ, ધોરાજી ખાતે રાખવામા આવેલ છે.

# રાજકોટ ખાતે યોજાનાર સૌરાષ્ટ્ર-કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના આયોજનની તલસ્પર્શી સમીક્ષા કરતાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી

### વડાપ્રધાન દ્વારા તા.૧૧ જાન્યુઆરીના રોજ શુભારંભ કરાશેઃ વાઈબ્રન્ટ કોન્ફરન્સના સુચારૂ આયોજન માટે સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન સુચનાઓ આપ્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આગામી તારીખ ૧૧ જાન્યુઆરીના રોજ મારવાડી યુનિવર્સિટી ખાતે સૌરાષ્ટ્ર કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શુભારંભ કરાશે. રાજકોટ માટે ગૌરવપ્રદ ઘટના સમાન આ કોન્ફરન્સના આયોજન અંગે રાજકોટ જિલ્લાપ્રભારી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના વરિષ્ઠ પદાધિકારીઓ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જીતુભાઈ વાઘાણીએ સમગ્ર આયોજનને લોકભોગ્ય અને વિકાસના રોડમેપ સમાન બનાવવા જિલ્લા વહિવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકાને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. પ્રભારી મંત્રીએ સૌરાષ્ટ્ર - કચ્છની ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી, સ્વદેશી અને આત્મનિર્ભર ભારતની થીમ રજૂ કરતાં કાર્યક્રમોના આયોજન અંગે વિગતો જાણતા જનકલ્યાણકારી યોજનાઓ અંગેના બેનર્સ, થીમ બેઈઝ્ડ લાઈટીંગ, પ્રાકૃતિક કૃષિના વેચાણ કેન્દ્રોના સ્ટોલ ગોઠવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

પ્રભારી મંત્રીએ ઉમેર્યું હતું કે, આ કોન્ફરન્સમાં ભાગીદાર દેશો યુક્રેન, જાપાન, કોરીયા, રવાન્ડા સહિત વિવિધ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. ૪૪૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં યોજાનારા વિશાળ એક્ઝિબિશનમાં ઉદ્યમી મેળા, સ્વદેશી મેળા, વિવિધ સ્ટાર્ટ અપ માટેના આશરે ૬ ડોમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર કચ્છના ઔદ્યોગિક એકમોને વિકાસ અને નિકાસ માટેની વિપુલ તકો પ્રાપ્ત થશે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું મહત્વ સામાન્ય નાગરીકો પણ સમજે અને સહભાગીતા વધે તે માટે તેના આયોજન સહિતની વિગતો વિવિધ માધ્યમો થકી જનસમુદાય સુધી પહોંચાડવા પર મંત્રીએ ભાર મુક્યો હતો. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમપ્રકાશે પ્રેઝન્ટેશનના માધ્યમથી મંત્રીને સમગ્ર આયોજન અંગે વિગતો આપી હતી. મંત્રીએ બેઠક બાદ સમગ્ર આયોજન અંગે પ્રેસ મીડિયાને સંબોધન કરી વિગતો આપી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગા, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્યો સર્વ દુર્લભજીભાઈ દેથરીયા, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઇ કાનગડ, દર્શિતાબેન શાહ તથા ડો. મહેન્દ્ર પાડલીયા, સંસદ સભ્ય પરષોત્તમ રૂપાલા, રામભાઈ મોકરીયા, અગ્રણી માધવ દવે, જૈમીન ઠાકર, લીલુબેન જાદવ, અલ્પેશ ઢોલરીયા તથા શપ્રશાંત કોરાટ સહિતના અગ્રણીઓ, રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, શહેર પોલીસ કમિશનર શબ્રજેશ કુમાર ઝા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, નિવાસી અધિક કલેક્ટર એન. કે. મુછાર, રૂડાના સી.ઈ.ઓ. ગૌતમ મિયાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે.વસ્તાણી, અધિક કલેક્ટર ઈલાબેન ચૌહાણ, સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસિયા, પ્રાંત અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ શહેરમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી દિવસોમાં યોજાનાર જુદી-જુદી ધાર્મિક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવાર અને રેલી/ધરણાના કાર્યક્રમો દરમ્યાન જાહેર શાંતિનો ભંગ ન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ૨૮ ફેબ્રુઆરી સુધી સમગ્ર રાજકોટ શહેરમાં શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારીરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો જાહેરમાં લઇ જવાની કે જાહેરમાં સાથે રાખીને ફરવા ઉપર, પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, મેળા ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઇ જવા, કોઇ પણ શરીરને હાનિકારક પહોંચાડે તેવો સ્ફોટક પદાર્થ લઇ જવા, પથ્થરો અથવા બીજા શસ્ત્રો, ફેંકવાના અથવા નાખવાના યંત્રો, સાધનો લઇ જવાની તથા એકઠા કરવા, તૈયારી કરવા પર, સરઘસ સાથે સળગતી મસાલ રાખવા, વ્યકિતના પુતળા બાળવા, લટકાવવા, પુતળાને ફાંસી આપવા પર, પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારી લાયસન્સવાળા હથિયારો સાથે લઇ પોતાની ફરજ સિવાયના સમયે જાહેર જગ્યામાં જવા, જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા, તથા વાદ્ય વગાડવા, જીગઝેક પ્રકારના ચાઇનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેંચાણ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા, ચિત્રો- નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ કે વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી કે તેનો ફેલાવો કરવાથી સુરૂચિભંગ થતો હોય કે રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા કાર્યો કરવાની મનાઈ ફરમાવી છે.

આ હુકમો જે વ્યકિતઓ સરકારી/અર્ધસરકારી નોકરીની કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવા કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેને, પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇ પણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને, સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રમતગમત ક્ષેત્રે ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરેલ દીકરીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે અરજીઓ મંગાવાઈ

### ૧૫ જાન્યુઆરી સુધી અરજી મોકલી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''બેટી બચાઓ બેટી પઢાઓ'' અભિયાન અંતર્ગત રમતગમત ક્ષેત્રે વિવિધ રમત તેમજ વ્યક્તિગત રમત કે જૂથ રમતમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય કક્ષાએ તેમજ ખેલ મહાકુંભમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ વર્ષ ૨૦૨૫ - ૨૬માં ૧થી ૩ નંબર પ્રાપ્ત કરેલ દીકરીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી - રાજકોટ ખાતે અરજીઓ મંગાવવામાં આવી છે.

અરજી કરવામાં માટેનું ફોર્મ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન - ૩, બીજો માળ, બ્લોક નંબર ૦૨, સરકારી પ્રેસની બાજુમાં રાજકોટ ખાતેથી મેળવવાનું રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જોડી અરજી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે રૂબરૂ કે પોસ્ટ દ્વારા મોકલી આપવાની રહેશે.

અરજી તા.૧૫/૦૧/૨૦૨૬ના સાંજે ૬ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. સમયમર્યાદા બાદ મળેલ અરજી અંગે આખરી નિર્ણય સમિતિનો રહેશે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ શહેરમાં અવાજનું પ્રદૂષણ ફેલાવવા અંગે પ્રતિબંધાત્મક આદેશો જાહેર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, તે માટે માઇક સીસ્ટમવાળાઓ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો મુજબ ધ્વનિ પ્રદૂષણ નિયમો- ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે, તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ છે.

**ડેસીબલ (DB(A)Leq**

| એરીયા કોડ | વિસ્તાર | સવારના કલાક ૬ થી રાત્રીના કલાક ૨૨ સુધી | રાત્રીનાકલાક ૨૨ થી સવારના કલાક ૬ સુધી |
|---|---|---|---|
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે, તહેવારો દરમિયાન તેમજ લગ્નપ્રસંગો અને મેળાવડા દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી તેમજ રહેણાંક વિસ્તારમાં થઇ રહેલી ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવરજવર તેમજ હોર્ન વગાડવાના કારણે અને બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાતુ જોવા મળે છે. આથી, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ અવાજનું પ્રદૂષણ ફેલાવવા ઉપર પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે.

જે મુજબ માઇક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની નજીકમાં આવેલી ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

વધુમાં, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના શાંત વિસ્તારની આજુબાજુમાં માઇક સીસ્ટમનો ઉપયોગ થઇ શકે નહીં. કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગાયનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમોનો અમલ કરવા તેમજ નાચગાન, ગરબી જાહેરમાર્ગમાં રોકાઇને કરવા નહીં. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# હળવદ જમીન કૌભાંડમાં ધાંગધ્રા પ્રાંત કચેરીના બે તત્કાલીન પટ્ટાવાળાની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ જમીન કૌભાંડની તપાસમાં વધુ એક મોટો ખુલાસો થયો છે. બનાવટી હુકમોમાં રાઉન્ડ સિક્કા/સીલ મારવા માટે સહાય કરનાર ધાંગધ્રા પ્રાંત કચેરીમાં ફરજ બજાવતા તત્કાલીન બે પટ્ટાવાળાઓને હળવદ પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ જમીન કૌભાંડના ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા તેમજ ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા માટે મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા હળવદ પોલીસને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી. આ અનુસંધાને હળવદ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ જમીન કૌભાંડના કેસની તપાસ હળવદ પોલીસ મથક પીઆઇ આર.ટી. વ્યાસ દ્વારા કરવામાં આવી રહી છે.

આ ગુનામાં હળવદ મામલતદાર દ્વારા સરકાર તરફથી કુલ ૯ આરોપીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. આરોપીઓએ હળવદ તાલુકાના કોયબા, ઘનશ્યામપુર તથા સુંદરીભવાની ગામોની સરકારની જમીનના રેવન્યુ રેકોર્ડ ખોટા બનાવી



પોતાનાં નામે કરાવી લીધા હોવાનો ગંભીર આરોપ છે. આ કેસમાં મુખ્ય આરોપી રમેશ બબાભાઈ સાંકરીયા રહેવાસી કોયબા તા. હળવદ હાલ પોલીસ રિમાન્ડ ઉપર છે. તેની પૂછપરછ દરમિયાન ખોટા રેવન્યુ રેકોર્ડ ક્યાંથી, કોની પાસેથી અને કેવી રીતે ઉભા કરવામાં આવ્યા તે અંગે મહત્વની માહિતી મળી હતી. તપાસમાં ખુલ્યું કે તે સમયે ધાંગધ્રા પ્રાંત અધિકારીની કચેરીમાં ફરજ બજાવતા બે પટ્ટાવાળાઓએ ખોટા બનાવટી હુકમોમાં રાઉન્ડ સિક્કા/સીલ મારવા માટે આપ્યા હતા. આ આધાર પર હળવદ પોલીસે ધાંગધ્રા પ્રાંત કચેરીના તત્કાલીન બે પટ્ટાવાળાઓમાં આરોપી ગોવિંદ પોપટભાઈ કુરીયા રહે. ગામ રાજપર તા. ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર તથા આરોપી મનસુખ માધાભાઈ કાંટીયા રહે. ધાંગધ્રા ડો. આંબેડકરનગર તા.ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર વાળાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં કોર્પોરેટર પર જીવલેણ હુમલા પ્રકરણમાં ત્રણ આરોપી પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં તાજેતરમાં પુર્વ વિપક્ષી નેતા અને વોર્ડ નં. ૧૨ના કોર્પોરેટર અસલમ ખીલજી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સીટી-બી ડીવીઝનમાં પુર્વ વિપક્ષી નેતા-કોર્પોરેટર સહિત ૬ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, આ પ્રકરણમાં પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરીને અન્ય શખ્સોની શોધખોળ આદરી છે. જામનગરના પટણીવાડ વિસ્તારમાં રહેતા અને વોર્ડ નં. ૧૨ના અસલમભાઇ ખીલજી પર ચાર દિવસ પહેલા ભીડભંજન રોડ પર કારમાં આવેલા શખ્સોએ હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો જેના પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી, ઈજાગ્રસ્તને જી.જી. હોસ્પીટલ અને ત્યાર બાદ ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, બીજી બાજુ આ બનાવ અંગે પુર્વ વિપક્ષી નેતા અલ્તાફ ખફીના કહેવાથી જુનેદ સહિતના શખ્સોએ હુમલો કર્યો હોવાની સીટી-બી ડીવીઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જેની તપાસ સીટી-બી પીઆઇ પી.પી.ઝા ચલાવી રહયા છે.

દરમ્યાનમાં આ પ્રકરણમાં પોલીસ દ્વારા તાકીદની તપાસ કરીને ૩ શખ્સોને રાઉન્ડઅપ કરવામાં આવ્યા હતા અને પટણીવાડ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, આ ફરીયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી જુનેદ ઉર્ફે પાવડરીયો રઝાક ચૌહાણ તેમજ સલીમ ખીલજી અને હબીબ ખફીની ધરપકડ કરી અદાલત સમક્ષ રજુ કરતા જેલ હવાલે કરી દેવાયા છે, જયારે આ પ્રકરણના બાકીના આરોપીઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# મોરબી શહેરના ૬ કેન્દ્રો પર રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ ની પરીક્ષા લેવાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના ૦૬ કેન્દ્રો પર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ- ૩ માટેની પ્રાથમિક પરીક્ષા આગામી તા. ૦૪/૦૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૧૦૦ કલાકથી ૧૩૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં અડચણ ન આવે તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મોરબી અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ એસ.જે. ખાચર દ્વારા પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા અનુસાર મોરબી ખાતે રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ- ૩ માટેની પ્રાથમિક પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૧૦૦ કલાકથી ૧૩૦૦ કલાક દરમિયાન ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં. પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનીકસ ઉપકરણો લઈ જવા નહી. ઉપરાંત નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવા પર નિયંત્રણ લાદવામાં આવ્યા છે.

આ પરીક્ષા મોરબીમાં ધી વી.સી.ટેક હાઈસ્કુલ વી.સી.ફાટક પાસે, ઓમ શાંતિ વિદ્યાલય સરદાર બાગની સામે શનાળા રોડ, નિલકંઠ વિદ્યાલય રવાપર રોડ, નવયુગ વિદ્યાલય કન્યા છાત્રાલય પાછળ નવા બસ સ્ટેશન પાસે શનાળા રોડ, જ્ઞાનપીઠ વિદ્યાલય ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે શનાળા રોડ, ઉમા વિદ્યાલય સંકૂલ ઉમા ટાઉનશીપ પાસે, સહિતના સ્થાનો પર લેવામાં આવશે જ્યાં ઉપરોક્ત જાહેરનામાનું પાલન કરવાનું રહેશે. આ જાહેરનામું સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી મંજૂરી મેળવી હોય તેવી વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ તેમજ ઓળખપત્ર ધરાવતા વિદ્યાર્થીઓને અને પરીક્ષામાં રોકાયેલા તમામ વ્યક્તિઓને (પરિક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં), ફરજ પર હોય તેવી વ્યક્તિને, કોઈ લગ્નના વરઘોડાને, સરકરી નોકરીમાં અથવા રોજગારીમાં હોય તે વ્યક્તિને અને કોઈ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

# જામનગરમાં આણંદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજીના હસ્તે વિશ્રામ ગૃહનું ઉદઘાટન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આણંદાબાવા સેવા સંચાલીત સર્કલમાં માતુશ્રી કુમુદબેન રમણીકલાલ કોટેચા વિશ્રામ ગૃહનું મહંત પૂ. દેવપ્રસાદજી મહારાજના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યુ હતું, આ કાર્યક્રમમાં મેયર વિનોદ ખીમસુર્યા, ડો. કે.એમ. આચાર્ય, દાતા પરિવારના સભ્યો હાજર રહયા હતા, આ તકે મહંત પૂ. દેવપ્રસાદજી મહારાજે જીતુભાઇ લાઇનું સાલ ઓઢાડી મોમેન્ટ આપીને સ્વાગત કર્યુ હતું, વૃધ્ધ માતાઓના જીવનમાં સ્નેહ અને માનવતભર્યો સહારો પહોંચે એ હેતુથી વિશ્રામગૃહ સંસ્થાના સેવાભાવનું પવિત્ર પ્રતીક બની રહેશે જયાં દરેક માતાનું સ્મીત જ અમારી સાચી પુણ્ય પ્રાપ્તી ગણાશે આ પ્રસંગે મહંત દેવપ્રસાદજી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા.

# મોરબીની યુનિક સ્કૂલના વિદ્યાર્થી શિવમ અંબાલીયાને સ્પોર્ટ્સ ડેમાં બે ગોલ્ડ મેડલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલી યુનિક સ્કૂલના સ્પોર્ટ્સ ડે દરમિયાન ધોરણ ૫માં અભ્યાસ કરતા શિવમ રાજેશભાઈ અંબાલીયાએ ચેસ અને રસ્સા ખેંચ (ટગ ઓફ વોર)માં પ્રથમ સ્થાન મેળવી બે ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ પ્રાપ્ત કરી શાળા તથા પરિવારનું નામ રોશન કર્યું છે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં સ્થિત યુનિક સ્કૂલ દ્વારા તાજેતરમાં ભવ્ય રીતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. યુનિક સ્કૂલમાં દર બે વર્ષે સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ વધે અને ખેલભાવનાનો વિકાસ થાય તે હેતુથી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આયોજિત સ્પોર્ટ્સ ડે દરમિયાન શાળાના અનેક વિદ્યાર્થીઓએ અલગ-અલગ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્કૂલના સંચાલન, શિક્ષકો તથા વિદ્યાર્થીઓની અથાગ મહેનતના પરિણામે સમગ્ર કાર્યક્રમ આનંદમય અને સફળ રહ્યો હતો. ત્યારે યુનિક સ્કૂલમાં ધોરણ ૫માં



અભ્યાસ કરતા શિવમ રાજેશભાઈ અંબાલીયાએ ચેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભા દાખવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ તથા સર્ટિફિકેટ મેળવ્યા હતા. આ ઉપરાંત શિવમ અને તેના મિત્રોએ ટગ ઓફ વોર એટલે કે રસ્સા ખેંચની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો, જેમાં તેમની ટીમે પ્રથમ સ્થાન હાંસલ કરતા તેમને ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. સ્પોર્ટ્સ ડેમાં બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત થતાં શિવમ અંબાલીયાને સ્કૂલના ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ, વર્ગશિક્ષક, સાથી વિદ્યાર્થીઓ તેમજ પરિવારજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જામનગર શહેર-જિલ્લામાં નવા વર્ષ પૂર્વે ૧૬૫ પીધેલા ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર-જિલ્લામાં નવા વર્ષ પૂર્વે પોલીસે દારૂ અને વાહન ચેકીંગની ખાસ ડ્રાઈવ રાખી ૧૬૫ જેટલા કેસ કરી લોકોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી.જામનગર પોલીસ દ્વારા હાલ જુદી જુદી ડ્રાઈવ યોજવામાં આવી રહી છે. જામનગર જિલ્લામાં ડ્રાઈવ દરમ્યાન ૧૬૫ કેસ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જુગાર મામલે ૧૮ કેસ અને દારૂનો નશો કરેલી હાલત-માં નીકળેલા ૪૨ વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.વધુમાં આરટીઓના નિયમના ભંગ બદલ ૫૭ વાહનો ડિટેઇન



કરવામાં આવ્યા હતા. વધુમાં ફોરવીલમાં ડાર્ક ફિલ્મ લગાવી વાહન ચલાવતા ૧૧૯ શખ્સોને પકડી પોલીસે કાયદાના પાઠ ભણાવ્યા હતા. બીજી તરફ રોંગ સાઈડમાં આવી ધુમ સ્ટાઈલમાં બાઇક ચલાવતા પણ ૨૧ શખ્સો સામે પોલીસે દંડાત્મક કાર્યવાહી કરી છે.થર્ટી ફર્સ્ટની પાર્ટીની ઉજવણીના આયોજન અંગે એસપીએ જણાવ્યું કે જામનગર અને જામનગરની ભાગોળે લગભગ પાંચથી છ જગ્યાએ નવા વર્ષને લઈ આયોજન હાથ ધરવામાં આવ્યા છે.જેમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ દ્વારા આયોજકો સાથે મીટીંગ કરવામાં આવી હતી અને તેઓને સૂચના આપવામાં આવી હતી કે કોઈપણ અનિચ્છનીય બને કે તરત જ પોલીસનો સંપર્ક કરવો. આ ઉપરાંત પીધેલા શખ્સો આયોજનમાં એન્ટ્રી મેળવે તો તરત જ પોલીસનો સંપર્ક કરવા સહિતની સૂચના આપવામાં આવી છે.

# આટકોટમાં પરિણીતા પર દુષ્કર્મ આચરી ત્રાસ ગુજારનાર શખ્સ ઝડપાયો

### પત્નીના મોત બાદ શિકાર બનાવ્યોઃ ભોગ બનનારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કરેલ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમાં રહેતા શખસે પોતાની પત્નીનું અવસાન થયા બાદ પરિણીતા પર નજર બગાડી દુષ્કર્મ આચરી ત્રાસ ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ કાર્યવાહી કરી છે. ભોગ બનનાર પરિણીતાએ આટકોટ પોલીસમાં અનિલ ઉગરેજીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપીની પત્નીનું બિમારીના કારણે અવસાન થઈ ગયા બાદ પરિણીતા પર નજર બગાડી પોતાની હવશ સંતોષવા દુષ્કર્મ આચર્યુ હતું.દરમ્યાન વર્ષ ૨૦૨૦માં તેણી તેના સાસરે એકલી હતી. ત્યારે અનિલ તેણીના ઘરે પહોંચી જઈ બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યુ હતું.તેમજ પિયરમાં પણ જઈને શખસે છેડતી કરી દુષ્કર્મ આચર્યા બાદ રૂપિયાની માંગણીઓ કરી અવાર નવાર તેણીને ધમકી આપતી દુષ્કર્મ આચરતો હોય જેથી તેણીએ કંટાળી જઈ ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતી, દુષ્કર્મ સહિતની કલમો હેઠળ આરોપી અનિલ સામે ગુનો નોંધી ગણતરીની કલાકોમાં જ શખસની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પડાણામાંથી પંચાયત કચેરીની માલિકીના સીસીટીવી કેમેરા ચોરી જનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરના પડાણા ગામમાંથી બે સપ્તાહ પૂર્વે ગ્રામ પંચાયત કચેરીની માલિકીના ૧૭ સીસીટીવી કેમેરાની ચોરી થઈ હતી. તે ગુન્હાનો મેઘપર પોલીસે ભેદ ઉકેલ્યો છે. લાલપુરનો એક શખ્સ ૧૧ કેમેરા સાથે ઝડપાઈ ગયો છે.

લાલપુર તાલુકાના પડાણા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા સ્વભંડોળમાંથી ખરીદવામાં આવેલા ૩૯ સીસીટીવી કેમેરામાંથી ૧૭ સીસીટીવી કેમેરાની ચોરી થઈ ગઈ



હતી અને બે કેમેરામાં નુકસાન સર્જવામાં આવ્યું હતું. આ બાબતની તલાટી કમ મંત્રી પી.બી. પટેલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ ગુન્હાની મેઘપર પોલીસ દ્વારા ચલાવાઈ રહેલી તપાસમાં લાલપુર શહેરમાં સાનિધ્ય પાર્કમાં રહેતા અને કેમેરા ફીટીંગનું કામ કરતા જસ્મીન ઉર્ફે દીપ દિલીપભાઈ ગોસાઈ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સે ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી છે અને પોલીસે તેની પાસેથી ૧૧ કેમેરા, ચાર સ્વીચ, બે બોક્સ, બે કન્વર્ટર સહિતનો મુદ્દામાલ કબજે કરી લીધો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જય ગુરુદેવ સોસાયટીમાં આર્થિકભીંસથી કંટાળી ઈમિટેશનના ધંધાર્થીનો આપઘાત

## આધેડે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



મોરબી રોડ પર આવેલા સેટેલાઈટ ચોકમાં જય ગુરુદેવ સોસાયટીમાં રહેતા ઈમિટેશનના ધંધાર્થીએ આર્થિકભીંસથી કંટાળી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર સેટેલાઈટ ચોકમાં આવેલ જય ગુરુદેવ સોસાયટીમાં રહેતા કિશોરભાઈ બચુભાઈ પાનસુરીયા નામના ૫૩ વર્ષના આધેડ બપોરના બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે ગળેફાંસો ખાઈ લીધો હતો આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક કિશોરભાઈ પાનસુરીયા બે ભાઈ ત્રણ બહેનમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર છે કિશોરભાઈ પાનસુરીયા ઈમિટેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા પરંતુ હાલમાં ધંધામાં ચાલતી આર્થિક મંદીના કારણે આર્થિકભીંસથી કંટાળી ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખોખડદળ ગામે ૨૯ લાખની ચોરીની ફરિયાદમાં પંચનામા વખતે મકાનમાંથી રૂ.૨૭.૮૦ લાખના દાગીના મળી આવ્યા

## તસ્કારો રૂ.૯૦ હજારની રોકડ,બે બાઈક ઉઠાવી ગયાઃ સોનુ ઝવેરાત બચી ગયુ, સીસીટીવી કેમેરામાં કેદ તસ્કરોને પકડવા દોડધામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં ખોખળદળ ગામે ખેડુત વૃધ્ધ અને તેની પત્ની રાત્રીના પાડોશમાં રહેતા તેના પુત્રના ઘેર ગયા હતા અને રેઢા મકાનમાંથી તસ્કરો રોકડ,સોના ચાંદીના દાગીના સહીત રૂ.૨૯ લાખની ચોરી કરી ગયાની ફરીયાદ થતા પોલીસના પંચનામા દરમ્યાન વેરવિખેર સામાન વચ્ચે સુટકેશમાંથી રૂ.૨૭.૮૦ લાખના દાગીના મળી આવ્યા હતા. પોલીસની તપાસમાં તસ્કરો રોકડ અને બે બાઈકની ચોરી કરી હોવાનુ અને સોનુ ઝવેરાત બચી જતા પોલીસે સીસીટીવી કેમેરામાં બુકાની ધારી તસ્કરો કેદ થયા હોય આરોપીને પકડી લેવા દોડધામ કરી છે.

આ બનાવ અંગેની માહિતી મુજબ ખોખડદળ ગામે રહેતા કાન્તીભાઈ શિવાભાઈ દેસાઈ (ઉ.૬૫) નામના ખેડુત અને તેના પત્ની રાત્રીના વરસાદ જેવુ હોય પાડોશમાં રહેતા તેના પુત્ર મયુરના ઘેર ગયા હતા અને ત્યા જમીને સુઈ ગયા હતા. બાદમાં સવારે ઘેર આવતા મકાનના દરવાજાના તાળા-ગ્રીલના તાળા તુટેલા હોય અને મકાનમાં સામાન વેરવિખેર હતા. જેથી મકાનમાં ચોરી થયાની જાણ થતા તેના પુત્રને અને પોલીસને જાણ કરી હતી. બનાવને પગલે ડીસીપી હેતલ પટેલ,પીઆઈ જાડેજા, ડોગ સ્કવોર્ડ સહીતનો કાફલો પહોચી તપાસ કરતા તસ્કરો મકાનમાંથી દાગીના સોનાના બિસ્કીટ અને બે કીલો ચાંદી તેમજ રૂ.૯૦ હજારની રોકડ અને બાઈક પણ ઉઠાવી ગયા હતા તેમજ તસ્કરો પાડોશમાંથી વધુ એક બાઈક ઉઠાવી ગયાનુ પ્રાથમીક તપાસમાં કાન્તીભાઈએ જણાવતા પોલીસે કુલ ૨૯ લાખની ચોરીની ફરીયાદ ઉપરથી ગુનો નોધી કાર્યવાહી કરી હતી.

દરમ્યાન પોલીસ ચોરીના ગુનામાં ખેડુતના ઘેર પંચનામુ કરવા માટે પહોચી હતી તે દરમ્યાન વિર વિખેર સામાનમાંથી તલાસી વેળાએ એક સુટકેશમાંથી દાગીના અને સોનાના બિસ્કીટ અને ચાંદી મળી આવતા રૂ.૨૭.૮૦ લાખની કિંમતના દાગીના બચી ગયાનુ બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# સાઈબાબા સર્કલ પાસે ચોરાઉ એક્ટિવા સાથે બાળ આરોપી સહિત બે ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સાંઇબાબા સર્કલ પાસે રોલેકસ રોડ પર ચોરાઉ એક્ટિવા સાથે બાળ આરોપી સહિત બે શખ્સોને પોલીસે દબોચી લઇ રૂ.૩૦ હજારની કિંમતનું વાહન કબ્જે કર્યુ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી.જાડેજાની સુચનાથી પ્રોબેશનલ પીએસઆઇ એસ.વી.ગોહિલ, હેડ કોન્સ. દેવાંગભાઇ પાલા, સંજયભાઇ બારોટ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રોલેકસ રોડ પર સાંઇબાબા સર્કલ પાસે બે શખ્સો નંબર વગરનું એક્ટિવા લઇ નિકળતા પોલીસે તેને અટકાવી નામ-ઠામ પુછતા ચાલકનું નામ રમીઝ ઉર્ફે બચ્ચો ઈમરાન જેસડીયા (રહે.ગુરૂજીનગર આલાપ માર્કેટ પાસે, સાધુવાસવાણી રોડ) અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ આરોપી સહિત બેની અટકાયત કરી પોકેટ કોપ અને ઇગુજકોક એપ્લીકેશનમાં આ એક્ટિવાના એન્જીન ચેસીસ નંબર સર્ચ કરતા આ એક્ટિવા ચોરાઉ હોવાનું માલુમ પડતા પોલીસે બાળ આરોપી સહિત બેની ધરપકડ કરી રૂ.૩૦ હજારનું વાહન કબ્જે કર્યુ છે.

# મુસાફરને રૂ.૪૦ લાખનો સામાન પરત કરી ૨૪ બાળકોનું પરરિવાર સાથે મિલન કરાવ્યુ

## રાજકોટ રેલવે ડિવિઝનમાં સેવા હી સંકલ્પ' RPF સ્ટાફની મોટી સિદ્ધિ ચાલુ ટ્રેનમાં ગેરકાયદેં ચેઈન પુલિંગ કરનારા ૪૫૪ આરોપીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અંતર્ગત રેલવે સુરક્ષા દળ (RPF) એ વર્ષ ૨૦૨૫ દરમિયાન સુરક્ષા, સતર્કતા અને માનવીય સંવેદનાઓનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનર અજય સદાનીના કુશળ માર્ગદર્શન તથા ડિવિઝન સુરક્ષા કમિશનર કમલેશ્વર સિંહના પ્રભાવી નિરીક્ષણ હેઠળ એ મુસાફરોની સુરક્ષાની સાથે-સાથે તેમનો વિશ્વાસ જીતવામાં પણ સફળતા મેળવી છે.

રાજકોટ રેલવે ડિવિઝનમાં સેવા હી સંકલ્પ' અંતર્ગત રેલવે પોલીસ ફોર્સ (RPF) દ્વારા ઓપરેશન અમાનત અંતર્ગત ૩૩૯ મુસાફરોનો કુલ રૂ.૪૦,૭૬,૩૬૨ની કિંમતનો સામાન સુરક્ષિત રીતે શોધી કાઢી તેમને સુપરત કરાયો હતો. તેવી રીતે ઓપરેશન નન્હે ફરિશ્તેમાં સ્ટેશનો અને ટ્રેનોમાં બિનવારસી અથવા પોતાના પરિવારથી વિખૂટા પડેલા ૨૪ બાળકોને એ રેસ્ક્યુ કર્યા અને સંપૂર્ણ સુરક્ષા સાથે તેમના પરિવારજનો સાથે મિલન કરાવ્યુ હતું. ઓપરેશન ડિગ્નિટીમાં વિપરીત સંજોગોને કારણે પોતાના પરિવારથી દૂર થયેલા ૦૮ વ્યક્તિઓને શોધી કાઢી તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા. ઓપરેશન રેલ સુરક્ષા અને ઉપલબ્ધમાં રેલવે સંપત્તિની સુરક્ષા કરતા ૩૦ કેસોમાં ૮૧ આરોપીઓની ધરપકડ કરી અને ટિકિટોના કાળાબજાર કરતા ૧૩ વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઓપરેશન સમય પાલનમાં ગેરકાયદે

ચેઈન પુલિંગ કરનારા ૪૫૪ આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી. જયારે ઓપરેશન યાત્રી સુરક્ષામાં મુસાફરોના સામાનની ચોરી અટકાવવા માટે સક્રિય રહીને ૭આરોપીઓને ઝડપી પાડયા હતા. ઓપરેશન જનજાગૃતિ અંતર્ગત એ ગ્રામ સરપંચો અને સ્થાનિક પ્રતિનિધિઓ સાથેની બેઠકો દ્વારા પથ્થરમારો અટકાવવા, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી વિરુદ્ધ જન-અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

# સુરેન્દ્રનગરના કસવાળી ગામે એરંડા-કપાસના ખેતરમાં ગાંજાનું વાવેતરઃ ૧૫ કરોડનો જથ્થો પકડાયો



## ત્રણ ખેતરમાં ૩૦૩૬ કિલો ગાંજો પકડતું એસઓજીઃ ત્રણ દિવસ સુધી રેડ ચાલી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજીએ કપાસ અને એરંડાના ખેતરમાં વાવેલો ૩૦૩૬ કિલો ગાંજા સાથે ગાંજો વાવનારા શખસની ધરપકડ કરી હતી. સુરેન્દ્રનગર એસપી પ્રેમસુખ ડેલુ,ડીવાયએસપી વી.એમ.રબારીના માર્ગદર્શન હેઠળ પીઆઈ બી.એચ.શીંગરખીયા સહિતની ટીમે કસવાળી ગામે ત્રણ દિવસ પહેલાં રેડ પાડી હતી. પોલીસ જેમ જેમ ગાંજો શોધતી ગઈ તેમ તેમ વધુ જથ્થો મળતો ગયો હતો. એકંદરે ત્રણેક ખેતરમાં કપાસ અને એરંડાના પાકની આડમાં ૩૦૩૬ કિલો અને ૮૦૦ ગ્રામ ગાંજાનું વાવેતર મળી આવતાં પોલીસે વાવેતર કરનાર સંજય ભોપાભાઈ તાવીયાની ધરપકડ કરી હતી. પોલીસે લીલા ગાંજાના ૫૫૦ છોડ તેમજ સૂકો ગાંજો સહિતનો નશીલો પદાર્થ કબજે કર્યો હતો.

# રાજકોટ RTO અધિકારી સહિત રાજ્યના ૧૭ તથા ૪૧ ઈન્સ્પેક્ટરની બઢતી સાથે બદલી

## રાજકોટના આરટીઓ ખપેડની જગ્યાએ ભાવનગરથી ટાંકનું પોસ્ટિંગ, મોરબીમાં મકવાણા મુકાયાઃ રાજકોટને બે એઆરટીઓ મળ્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યના આરટીઓ ડિપાર્ટમેન્ટમાં ૨૦૨૫ વર્ષના અંતિમ દિવસે ૫૮ અધિકારીઓને બઢતી સાથે બદલી મળતા ૨૦૨૬ના આરંભના પ્રથમ દિવસથી નવો હોદ્દો મળ્યો છે. ૧૭ઓઆરટીઓને આરટીઓ બનાવાયા છે. જ્યારે ૪૧ ઈન્સ્પેક્ટર્સને એઆરટીઓની બઢતી મળી છે. રાજકોટમાં આરટીઓ તરીકે પ્રમોશન સાથે ભાવનગરના ઈન્દ્રજીત ટાંક મુકાયા છે. બે નવા એઆરટીઓનું પણ રાજકોટ આરટીઓ કચેરીમાં પોસ્ટિંગ થયું છે.

એઆરટીઓમાંથી આરટીઓ તરીકે પ્રમોશન મેળવનારા ૧૭અધિકારીને બઢતી સાથે બદલીના સ્થાનોમાં પી.બી. લાઠિયાને આરટીઓ વલસાડ, કે.ડી. પરમારને ગાંધીનગર, વી.એમ. યાદવ મહેસાણા, એચ.એ. પટેલને પાટણ, એ.એમ. પટેલને નવસારી, રાજકોટના કે.એમ. ખપેડને વડોદરા, જે.કે. પટેલને હિંમતનગર, જે.જે. ચૌધરીને ગાંધીનગર આરટીઓ કમિશનર ઓફિસ, ડી.કે. ચાવડાને આણંદ, એમ.એન. ભંગાલને નડીયાદ, સી.ડી. પટેલ બારડોલી, યુ.બી. સોલંકી પાલનપુર, ટી.બી. મકવાણા મોરબી, જીગર કનુભાઈ પટેલ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી ગાંધીનગર, એસ.એમ. પટેલ ભાવળા, ભાવનગરથી આઈ.એસ. ટાંક (ઈન્દ્રજીત સુરેશભાઈ ટાંક)ને રાજકોટ તથા એસ.કે. ગામિતને દાહોદ આરટીઓ તરીકે પ્રમોશન સાથે પોસ્ટિંગ અપાયા છે.

જ્યારે રાજ્યના ૪૧ આરટીઓ ઈન્સ્પેક્ટર્સને આસિ. આરટીઓ તરીકે બઢતી આપીને રાજ્યમાં અલગ-અલગ આરટીઓ કચેરીમાં પોસ્ટિંગ અપાયા છે. બઢતી સાથે ધર્મેશ પટણી તતા રવિ રાવલિયા રાજકોટ મુકાયા છે. બી.એસ. કળસરિયા અમરેલી, એક.યુ. ઝાંખરા જૂનાગઢ, બી.એમ. ચાવડા તથા એમ.ડી. પાનસેરિયા સુરેન્દ્રનગર ઋત્વિજા દાણી બોટાદ, મહેરા, પાર્થ ગઢવી ભૂજ, જીતેન્દ્રસિંહ ચુડાસમા જૂનાગઢ સહિત ૪૧ ઈન્સ્પેક્ટરને એઆરટીઓ તરીકે રાજ્યમાં અલગ-અલગ આરટીઓ કચેરીમાં પોસ્ટિંગ અપાયા છે.

# સિવીલ હોસ્પિટલમાં ડોક્ટર પર હુમલાના આરોપીની ધરપકડઃ જુનિયર્સ તબીબોની હડતાલનો અંત

## ન્યુરો સર્જનને માર મારવાનો મામલે તબીબી અધિક્ષકે સિક્યુરિટી એજન્સીને ટકોર કરી વહીવટી ખાતરી આપી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલમાં રવિવારે મોડી રાત્રીના ન્યુરો સર્જન ડોક્ટર પર થયેલા હુમલાના મામલે આરોપીની ધરપકડ થતા આખરે જુનિયર્સ તબીબોની હડતાલનો અંત આવ્યો છે. તેમજ અધિક્ષક દ્વારા સિક્યુરીટી એજન્સી પણ ટકોર કરવામાં આવતા અને વહીવટી કાર્યની ખાતરી આપતા સ્ટ્રાઇક પાછી ખેંચાઇ છે.

રાજકોટ સિવીલમાં ન્યુરો સર્જન તરીકે ફરજ બજાવતા ડો. પાર્થ પંડયા પર મોડી રાત્રીના જયદિપ ચાવડા નામના શખસે વોર્ડમાં હુમલો કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. એટલું જ નહીં સિવીલ હોસ્પિટલના જુનિયર્સ ડોક્ટર એસોસિયેશન દ્વારા બુધવારના રોજ હડતાલનું એલાન કરી ગુરુવારે OPD સારવારથી પણ દૂર રહ્યા હતા. જેના કારણે સિવીલમાં સારવાર માટે આવતા હજારો દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. અનિશ્ચિત મુદ્દતની હડતાલ પર રહેલા તબીબોની આરોપીની ઝડપથી ધરપકડ કરવા માટે માંગ હતી. પોલીસે આરોપી જયદિપ ચાવડાની ગુરુવારે રાત્રીના ધરપકડ કરતા આખરે તબીબો દ્વારા હડતાલ પાછી ખેંચવામાં આવી છે અને આજથી ફરી એકવાર તમામ જુનિયર્સ ડોક્ટર ફરજ પર પરત ફરશે તેવું એલાન કરવામાં આવ્યુ છે. JDA પ્રમુખ ડો.રવિ પટેલે કહ્યુ કે, મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટે JDAને ઔપચારિક ખાતરી આપી છે. બિનઅસરકારક કર્મચારીઓને બદલવા માટે સક્ષમ અને પ્રશિક્ષિત સુરક્ષા કર્મચારીઓની નિમણૂક સુનિશ્ચિત કરવી અને ઉચ્ચ જોખમવાળા વિભાગોમાં સલામતીના પગલાં મજબૂત કરવામાં આવશે. જેથી હવે તબીબો ઈમરજન્સી અને રૂટિન સારવારમાં જોડાશે.' તો બીજી તરફ તબીબી અધિક્ષક ડો.મોનાલી માંકડિયા દ્વારા પણ સિક્યુરિટી એજન્સીને ટકોર કરવામાં આવી છે.

# ઉના પંથકના પાંચ બુટલેગરો પાસા હેઠળ જેલમા ધકેલાયા

## દારૂની હેરાફેરી કરીને જાહેર સુલેહ શાંતિ ભંગ કરતા પોલીસે કાયદાનો દંડો ઉગામ્યો



**મુખ્ય સમાચાર, ઊના**

ગીર સોમનાથ જિલ્લામાં જાહેર વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરતા પાંચ શખ્સો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ એન.વી. ઉપાધ્યાયના આદેશથી ઊના તાલુકાના આ પાંચે પ્રોહી બુટલેગર સામે કાયદા નો દંડો ઉગામ્યો હતો અને પાસા ધારા હેઠળ અટકાયત કરીને વિવિધ જેલોમાં મોકલી દેવાયા છે. ઊના શહેરમાં રહેતા રોહિત ઉર્ફે નાનો રોહિત ડાયાભાઈ વાજા, રોહિત ઉર્ફે મોટો રોહિત મોહનભાઈ વાજા, વિજયભાઈ રામશીભાઈ ચુડાસમા, રણજી ઉર્ફે કોટવાર નાનુભાઈ પામક અને જગદીશ ઉર્ફે ટીકુ હમીરભાઇ બાંભણીયા અગાઉ દારૂની હેરાફેરી અને આમ પ્રજા ને નુકશાન પહોચે તેવી ગુન્હાહિત પ્રવૃત્તિ મા સંડોવાયેલા હોય તેના સાથીદારો સાથે અસમાજિક પ્રવૃત્તિઓ સાથે મળીને કરતા હોય ભારતીય બનાવટના વિપુલ પ્રમાણમાં દારૂની હેરાફેરી કરી લાખો રૂપિયા ના મુદ્દામાલ રૂ.૧૧,૦૫,૧૨૫ નો રાખી ઝડપાયેલા હોય તેની કાઈમ કુંડળી પોલીસે કાઢી હતી આ અંગે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત બુટલેગર ના વિરુદ્ધ ગુન્હા પણ નોંધ્યા હતા આ શખ્સો ભવિષ્યમાં પણ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થામાં અવરોધ ઊભો કરતાં હોય તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી લોકોના જાહેર સ્વાસ્થ્ય પર ગંભીર અસર પહોંચી શકે છે.

આ કારણોસર, તેમને જાહેર સુલેહશાંતિ વિરુદ્ધના કૃત્યો કરતા અટકાવવા માટે ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટએ તા. ૦૧/૦૧/૨૦૨૬ ના રોજ પાસા ધારા તળે અટકાયત કરવાનો હુકમ કર્યો હતો. અને જિલ્લા પોલીસ અધિક્ષક ને મોકલતા એલ સી બી તેમજ સ્થાનિક પોલીસે તમામ પાંચેય શખ્શો ની શોધખોળ કરી ને આરોપીઓને અમદાવાદ, સુરત, વડોદરા અને ભુજ ખાતેની જેલોમાં મોકલી દેવામાં આવ્યા હતા. છેલ્લા ઘણા સમયથી દારૂ, જુગાર, ડ્રગ્સ કેમિકલ્સ તાડી જેવી અસમાજિક પ્રવૃત્તિઓ કુલી ફાલી હોય અને તેની સામે અવાજ ઉઠી રહ્યો હતો પોલીસે પોતાની આબરૂ બચાવવા બુટલેગરોને નાથવા ની કાર્યવાહી હાથ ધરતાં ગુન્હેગારો કેટલો સમય જેલમાં રહેશે ? તેવી ચર્ચા ઉઠી રહી છે

# રૂ.૧.૧૦ કરોડની આંગડીયા ચોરીમાં ફરાર આરોપી રાજકોટ એરપોર્ટથી ઝડપાયો

## અગાઉ ક્રાઈમ બ્રાંચે બે આરોપીને પકડી લીધા હતા,વધુ એકની શોધખોળઃ બનાવ બાદ દુબઈ નાસી ગયો હતો,આરોપી ચાર દિવસના રિમાન્ડ ઉપર

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં યાજ્ઞીક રોડ નજીક મ્યુનીસીપલ કોર્પોરેશનના બંગલા પાસે આર.કે. ઈન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીના કર્મચારી સહીતે કાવત્રુ રચી બારાબારથી રૂ.૧.૧૦ કરોડની ચોરી કરી નાસી ગયાની ફરીયાદમાં ક્રાઈમ બ્રાંચે અગાઉ કર્મચારી સહિત બે શખસોને પકડી રૂ.૨૫ લાખની રોકડ કબજે કરી હતી.

જે કેસમાં વધુ એક આરોપી દુબઈથી રાજકોટ આવતા ક્રાઈમ બ્રાંચે તેની ધરપકડ કરી તેના ચાર દિવસના રિમાન્ડ મેળવી તેની પુછ્તાછ કરી હતી. તેમજ વધુ એક આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ આંગડીયા પેઢીના કર્મચારી કોઠારીયા રોડ પર કેદારનાથ સોસાયટીમાં રહેતો અનિકેત અરજણ સુરેલા છ માસ પુર્વે આંગડીયા પેઢીના કલેકશનના રૂ.૧.૧૦ કરોડની ઉઘરાણી કરી ફરાર થઈ ગયાની સંચાલક યતિનભાઈ બાબુભાઈ ચુડાસમાએ ફરીયાદ કરતા ક્રાઈમ બ્રાંચના પીઆઈ જાદવ સહીતની ટીમે અનીકેતને ઝડપી લઈ તેની પુછ્તાછ કરતા તેને નાણા તેના મિત્ર ભાર્ગવ રૂપારકાને સાચવવા આપ્યા હોવાનુ રટણ કરતા જા પોલીસે ભાર્ગવ સહીત બન્નેની ધરપકડ કરી હતી અને રૂ.૨૫.૩૨ લાખની રોકડ કબજે કરી હતી.

પોલીસની પુછ્તાછમાં જંગલેશ્વરમાં રહેતો આશિષ બસીયા અને તેના પિતરાઈ ભાઈ જયપાલ બસીયા સાથે પ્લાન બનાવી આંગડીયા પેઢીના પૈસાની ઉચાપત કરવાનુ કાવત્રુ બનાવ્યુ હોવાની વધુ પૈસા તેની પાસે હોવાની કબુલાત આપતા પોલીસે વધુ બે આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી હતી. દરમ્યાન આરોપી જયપાલ બસીયા દુબઈથી રાજકોટ આવતો હોવાની માહીતીને આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે રાજકોટ એરપોર્ટથી જયપાલ બસીયાની ધરપકડ કરી તેના ચાર દિવસના રિમાન્ડ મેળવી વધુ એક આરોપી આશિષ બસીયાને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# પંચાયત નગર ચોકમાં ભત્રીજીના છુટાછેડા તેના કાકાના લીધે થયાનો ખાર રાખી પૂર્વ જમાઈ સહિત બે શખ્સની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિ.રોડ પરના વિસ્તારમાં રહેતા વૃધ્ધની ભત્રીજીના છુટાછેડા તેના લીધે થયાનો ખાર રાખી પુર્વ જમાઈ સહિત બે શખસોએ વૃધ્ધને ગાંળો ભાંડી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ, યુનિ.રોડના કૈલાશપાર્ક શેરી નં પમાં રહેતા અને પંચાયત ચોકના ઉમીયા ગાર્ડન પાસે શ્રી રામ ભજીયા નામે દુકાન ધરાવતા રમેશભાઈ નરસિંહભાઈ સોરઠીયાએ યુનિ. પોલીસમાં મોરબી રોડ પર રહેતા શૈલેષ અમરસિંહ લુણાગરીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે પાંચેક વર્ષ પૂર્વે મારા સગાભાઈ અરવિંદની પુત્રી જયોતિના શૈલેષ સાથે લગ્ન થયેલ હતા.લગ્ન બાદ દંપતિ વચ્ચે મનમેળ ન હોવાથી દોઢેક માસ પૂર્વે ભત્રીજી જયોતિએ છુટાછેડા લીધા હતા. ગત.તા.૩૦ના રાત્રીના હું ઉમીયા ગાર્ડન પાસે આવેલી મારી દુકાને હતો ત્યારે શૈલેષ તથા તેની સાથે એક અજાણ્યો માણસ આવેલ બાદ બન્ને મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કરી કહેવા લાગ્યા કે તારા લીધે જ મારા છુટાછેડા થયેલા છે તે કરેલી અરજી પાછી ખેચી લે છે, આજે તો તારા હાથ પગ ભાંગી નાખવા છે કહી ગાંળો ભાંડી હોય જેથી મારા મિત્ર પ્રભુભાઈ પણ ત્યાં હાજર હોય તેને પણ બન્ને ને સમજાવવાનો પ્રયાસ કરતા શૈલેષ સાથે આવેલા અજાણ્યા માણસે મારા મિત્રને કહ્યું કે તું આઘો રેજે નહીતર તારા ટાંટીયા ભાંગી નાખીશુ. જેથી મે મારા મામા રમેશભાઈને ફોન કરી દુકાને બોલાવેલ તે આવી આ શૈલેષને ઠપકો આપતા તેની સાથેના અજાણ્યાને સારૂ લાગ્યુ હોવાથી મને ધકકો મારી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોનાની ઉઘરાણીના મામલે શ્રમીક યુવાન ઉપર એસીડ ફેકી હુમલો

## વીશીમાંથી ૧૪ ગ્રામ સોનુ ઉપાડી ૬ ગ્રામ જમા કરાવ્યુ હતુઃ ઘાયલ યુવકને આરોપીએ હોસ્પીટલે જઈ સારવાર કરાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં વીશીના વીશ ચક્રમાં અનેક પરીવારો બરબાદ થતા પોલીસે એકશનમાં આવી વીશી બંધ કરાવવાની કાર્યવાહી કરી હતી. જયારે સોની બઝારમાં પરપ્રાતિય શ્રમીકો દ્રારા ચાલતા વીશીમાંથી ૧૪ ગ્રામ સોનુ ઉપાડી ૬ ગ્રામ સોનુ જમા કરાવ્યુ હતુ. જયારે ૮ ગ્રામ જમા કરવા માટે વીશીના સંચાલકે પઢાણી ઉઘરાણી કરી ઝઘડો કરી યુવક ઉપર એસીડ ફેકી હુમલો કર્યો હતો. બાદમાં ઘવાયેલા યુવકને બારોબાર સારવાર કરાવી હોવાનુ બહાર આવતા એડીવીઝન પોલીસે ગુનો નોધી આરોપીને ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ સોનીબઝારમાં જુની ગધીવાડમાં સોની કામની મજુરી કામ કરતા અને મુળ પશ્ચીમ બંગાળના વતની મહમદ નજીમુદ્દીન અબ્દુલમનન હલદર (ઉ.૨૬) નામનો યુવક સોની બઝારમાં હતો ત્યારે તેનો મિત્ર ભગવતી પરામાં રહેતો અબ્બાસ અખ્તર શેખએ તેની સાથે ઝઘડો કરી તેની ઉપર એસીડ ફેકી હુમલો કરતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવની જાણ થતા એડીવીઝન પોલીસ મથકના જમાદાર જોળીયા સહીતના સ્ટાફે તપાસ કરતા મહમદ અને તેના સોની બઝારમાં સાથે કામ કરતા પુલ્લક ઘરાઈ, મૌદુલ શેખ સહીતનાઓ મિત્ર અબ્બાસ શેખની વીશીમાં જોડાયા હોય જેમા થોડુ થોડુ સોનુ જમા કરાવતા હતા અને જરૂર હોય તો વીશીમાંથી સોનુ મેળવતા અને તેનુ વળતર પણ ચુકવતા હતા. અગાઉ તેને ૧૪ ગ્રામ સોનુ વીશીમાંથી ઉપાડયુ હતુ અને ૬ ગ્રામ જમા કરાવ્યુ હતુ અને ૮ ગ્રામ સોનુ જમા કરાવવાનુ હોય અને કામ બંધ થતા વીશી ચલાવતો અબ્બાસ અવાર નવાર સોનાની પઢાણી ઉઘરાણી કરતો હોય સોની બઝારમાં મળી આવતા તેને ઉઘરાણી કરી હુમલો કર્યો હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.